Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
# સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
Year:7, Issue: 173 Dt.03-05-2022 (Tuesday)
તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

### શાળા શિક્ષણની ગુણવત્તાને મજબૂત કરવા માટે પહેલ હેઠળ એક નવું પગલું તૈયાર

## ત્રીજા, પાંચમા અને આઠમા પણ બોર્ડ જેવી પરીક્ષાઓ લેવા વિચારણા

### પ્રાદેશિક સ્તરે પણ યોગ્ય સત્તાધિકારીની દેખરેખ હેઠળ આયોજન કરવામાં આવશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
નવી દિલ્હી તા. ૩ :
શાળા શિક્ષણની ગુણવત્તાને મજબૂત કરવા સહિત દરેક સ્તરે વિદ્યાર્થીઓની પ્રતિભાનું મૂલ્યાંકન કરવા કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં કેટલાક મોટા પગલાં લઈ શકે છે. આ અંતર્ગત દસમા અને બારમા બોર્ડની પરીક્ષાઓની જેમ ત્રીજા, પાંચમા અને આઠમા ધોરણની પરીક્ષાઓ પણ લેવામાં આવી શકે છે. હાલમાં તે બોર્ડની પરીક્ષા નહીં હોય, પરંતુ તેવી જ હશે. પ્રાદેશિક સ્તરે પણ યોગ્ય સત્તાધિકારીની દેખરેખ હેઠળ આનું આયોજન કરવામાં આવશે. કેન્દ્રએ પહેલાથી જ રાજયો સાથે વ્યાપક ચર્ચા શરૂ કરી દીધી છે.

ઘણા રાજયોમાં અગાઉ પણ આવી પરીક્ષાઓ પાંચમા અને આઠમા સ્તરે લેવાતી હતી. જો કે, વર્ષ ૨૦૦૯માં રાઈટ ટુ એજયુકેશન અધિનિયમ અમલમાં આવ્યા બાદ, આ સિસ્ટમ બંધ થઈ ગઈ હતી, કારણ કે આ કાયદા હેઠળ વિદ્યાર્થી આઠમા ધોરણ સુધી નાપાસ થઈ શકતો નથી. દરમિયાન, ઘણા રાજયોએ શિક્ષણની ગુણવત્તાને મજબૂત કરવા માટે પાંચમી અને આઠમીની પરીક્ષાઓ ફરીથી શરૂ કરવાની પહેલ કરી છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ જેવા રાજયોએ પણ તેની શરૂઆત કરી છે. પરંતુ હજુ સુધી તેને ત્રીજા સ્તરે ક્યાંય અપનાવવામાં આવ્યું નથી.

શિક્ષણ મંત્રાલય સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, શાળા શિક્ષણની ગુણવત્તાને મજબૂત કરવા માટે આ પહેલ હેઠળ એક નવું પગલું તૈયાર કરવામાં આવી રહ્યું છે. જેમાં પાંચમા, આઠમાની સાથે હવે બોર્ડની પરીક્ષાઓની જેમ ત્રીજા ધોરણની પરીક્ષા લેવાનું સંપૂર્ણ આયોજન કરવામાં આવ્યું છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પણ તેની ભલામણ કરવામાં આવી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે શાળાઓમાં વિદ્યાર્થીઓને યાદ રાખવાને બદલે તેમને વાસ્તવિક જ્ઞાન આપવું જોઈએ. ઉપરાંત, તેઓ કૌશલ્ય વિકાસ સાથે જોડાયેલા હોવા જોઈએ. શિક્ષણ મંત્રાલયે શૈક્ષણિક સત્ર ૨૦૨૨-૨૩થી જ આ પહેલનું આયોજન કરવાની યોજના બનાવી છે. આ અંગેનો અંતિમ નિર્ણય રાજયોની સહમતિ બાદ જ લેવામાં આવશે. આ યોજના હેઠળ, શાળા કક્ષાએ લેવાતી પરીક્ષા વાર્ષિક પરીક્ષા જેવી જ હશે,

(અનુ.પાના નં.૪ ઉપર)


### ગુજરાત એટીએસની મોટી કાર્યવાહી

## મુઝફ્ફરનગરમાંથી ૭૫૫ કરોડની કિંમતનું ૧૫૫ કિલો હેરોઈન જપ્ત

નવી દિલ્હી,તા. ૩ :
ગુજરાત એન્ટી ટેરરિઝમ સ્કવોડ (ATS) એ દિલ્હી અને ઉત્તર પ્રદેશ પોલીસની મદદથી મુઝફ્ફરનગરમાં એક ઘરમાંથી ૭૫૫ કરોડ રૂપિયાનું ૧૫૫ કિલો હેરોઈન જપ્ત કર્યું છે. અહીં એટીએસ અધિકારીએ આ માહિતી આપી હતી. પોલીસ અધિક્ષક સુનિલ જોશીએ જણાવ્યું હતું કે ડ્રગ કેસના આરોપી રાજી હૈદર ઝૈદીની બહેનના મુઝફ્ફરનગરના ઘરેથી રવિવારે ડ્રગ જપ્ત કરવામાં આવ્યું હતું, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજિત ૭૭૫ કરોડ રૂપિયા છે. ATS અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો ની સંયુક્ત ટીમો દ્વારા ૨૭ એપ્રિલે દિલ્હી અને ઉત્તર પ્રદેશના અલગ-અલગ સ્થળોએથી ધરપકડ કરાયેલા ચાર આરોપીઓમાંથી ઝૈદી એક છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

## ગુજરાત સરકારે બીજી વખત ધો. ૧થી ૮માં માસ પ્રમોશન આપ્યું



### ધોરણ-૧થી ૮ના કુલ ૫૧,૨૫,૯૦૫ વિદ્યાર્થીઓમાંથી જેને વાર્ષિક પરીક્ષા આપી હશે તેવા વિદ્યાર્થીઓને નાપાસ કરાશે નહી

(એજન્સી સમાચાર)
અમદાવાદ, તા.૩
રાજ્ય સરકાર દ્વારા સતત બીજા વર્ષે ધો.૧ થી ૮ નાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો નિર્ણય કર્યો છે. આ અંગેની જાહેરાત શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી દ્વારા કરવામાં આવી છે. દેશમાં ફેલાયેલી વૈશ્વિક મહામારીને કારણે સરકારે કોઈપણ પ્રકારનાં ગુણ અથવા તો ગ્રેડ વગર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપેલ હતું. દરેક વર્ગનાં બાળકોને ચોક્કસ પરિણામ વગર વર્ગ બઢતી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાને લઇ વર્ષ ૨૦૨૨-૨૩માં લેવાયેલી વાર્ષિક પરીક્ષાઓના પરિણામને આધારે વર્ગબઢતી આપવા અંગેના તા.૨૧/૦૯/૨૦૧૯ના જાહેરનામાના અમલને રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષ પૂરતો મુલતવી રાખવામાં આવશે.આ નિર્ણયને કારણે ધોરણ ૧થી ૮ના વિદ્યાર્થીઓનું પરિણામ જે પણ હોય તેમાં એમના ગુણ, ગ્રેડ કે ટકાને ધ્યાને લીધા વગર તમામ વિદ્યાર્થીઓને વર્ગબઢતી આપવામાં આવશે.પ્રાથમિક શાળાઓમાં રાબેતા મુજબ દ્વિતીય સત્રાંત(વાર્ષિક) પરીક્ષા પૂર્ણ થઇ હોવાથી પરીક્ષાના પરિણામની અસર વિદ્યાર્થીઓની વર્ગબઢતી પર લાગૂ કરવાની રહેશે નહીં.

રાજ્યભરના ધોરણ-૫ અને ૮ના અંદાજે ૧૨.૫૦ લાખ વિદ્યાર્થીને ચાલુ શૈક્ષણિક વર્ષમાં નાપાસ કરવામાં આવશે નહીં. આથી ધોરણ-૫ અને ૮માં વિદ્યાર્થીઓને પાસ કે નાપાસ કરવાના શિક્ષણ વિભાગના ગત વર્ષ-૨૦૨૦ના આદેશની અમલવારી થઇ શકશે નહીં. આથી ચાલુ શૈક્ષણિક વર્ષમાં વાર્ષિક પરિણામ તૈયાર કરતી વખતે ગત વર્ષ-૨૦૨૦ના

(અનુ.પાના નં.૪ ઉપર)

## દેશમાં કોલસાની અછતથી ઘેરાતું વીજસંકટ



### કોલસાની ઘટથી આઠ મોટા વીજ ઉત્પાદન પ્લાન્ટ ઠપ્પ

(એજન્સી સમાચાર)
નવી દિલ્હી તા.૩
દેશમાં કોલસાની કમીથી ઘેરાઇ જઇ રહયું છે વીજસંકટ. કોલસાની કમીના કારણે દેશના આઠ મોટા વીજ ઉત્પાદન પ્લાન્ટ બંધ થઈ ગયા છે. ૪૦ વીજ ઉત્પાદન પ્લાન્ટ એવા છે જેમાં માત્ર ૧૦ ટકા જ કોલસાનો જથ્થો બન્યો છે.

નેશનલ પાવર પોર્ટલ (એનપીપી)ના રિપોર્ટ અનુસાર દેશમાં આયાતીત કોલસા પર નિર્ભર ૩૦૪૧ મેગાવોટ વીજળી ઉત્પાદનની ક્ષમતા વાળા આઠ વીજ ઉત્પાદન પ્લાન્ટ બંધ પડ્યા છે. જયારે ઘરેલુ કોલસા પર નિર્ભર ૮૮ વીજ ઉત્પાદન પ્લાન્ટ એવા છે જયાં કોલસાનું ગંભીર સંકટ છે. આયાતીત કોલસા પર નિર્ભર ૧૫ વીજ ઉત્પાદન પ્લાન્ટમાંથી ૮ પ્લાન્ટ બંધ પડયા છે.

કેન્દ્રીય વિદ્યુત ઓથોરીટીના અનુસાર દેશમાં સંચાલીત ૧૭૩ વીજળી ઉત્પાદન પ્લાન્ટમાંથી ૧૦૮ પ્લાન્ટમાં કોલસાનો જથ્થો ગંભીર શ્રેણીમાં છે. એમાંથી ૧૫૦ પ્લાન્ટ એવા છે જે ઘરેલુ કોલસા પર નિર્ભર છે. વિજળીની માંગ અત્યધિક હોવાથી ૭ દિવસમાં ગંભીર શ્રેણીમાં જનારા વીજળી ઉત્પાદન પ્લાન્ટની સંખ્યા ૮૮ થઈ ગઈ છે, જયારે ૪૦ પ્લાન્ટ એવા છે. જયાં જરૂરિયાતની તુલનામાં માત્ર ૧૦ ટકા કોલસાનો જથ્થો છે. કોલસાના ગંભીર સંકટથી ૩૦ એપ્રિલે દેશમાં ૫૮૧૬ મેગાવોટ વીજળીની કમી રહી હતી.

(અનુ.પાના નં.૪ ઉપર)

## નર્મદા સહિતના અનેક ડેમોમાં પાણી ઝડપથી ઘટવા લાગ્યા

### રાજ્યભરમાં આજી-૨માં સૌથી વધુ ૯૭.૧૯ટકા અને આજી-૧માં ૭૦ ટકાથી વધુ પાણીઃ ૩૩ ડેમો સંપૂર્ણ તળિયાઝાટક



(એજન્સી સમાચાર)
અમદાવાદ,તા. ૩
નર્મદા ડેમ સહિતના અનેક રાજ્યનાં અન્ય જળાશયોમાં પણ પાણી તળિયે પહોંચવા લાગ્યું છે. ચોમાસાને હજુ દોઢ મહિનાની વાર છે તેવા સમયે પાણી સમસ્યા મોઢુ ફાડે તેવા ભણકારા છે.

રાજ્યના સૌથી મોટા એવા નર્મદા ડેમમાં ગત વર્ષની સરખામણીએ ૪૫૬.૫૪ મીલીયન ક્યુબીક મીટર પાણી ઓછુ છે. રાજ્ય સરકારે નર્મદાનું પાણી સિંચાઈ માટે નહીં છોડવાનું નક્કી કર્યું છે. ઉનાળામાં માત્ર ઘાંસચારો ઉગાડવા માટે જ નર્મદાના પાણી છોડવામાં આવશે. ગત વર્ષે રાજ્ય સરકારે રાજ્યભરમાં સિંચાઈ માટે નર્મદાના પાણી પૂરા પાડ્યા હતા. ૨૯ એપ્રિલની સ્થિતિએ રાજ્યના જળાશયોમાં ૧૨૪૬૫ મીલીયન ક્યુબીક મીટર પાણી છે. ૨૫૨૪૪.૪ એમસીએમની કુલ ક્ષમતા સામે પાણી ઓછું છે. ગત વર્ષે ૧૨૭૭૫ એમસીએમ પાણી હતું.

ગત વર્ષની સરખામણીએ ૩૧૦ એમસીએમ પાણી ઓછુ છે. રાજ્ય સરકારે જારી કરેલા આંકડાઓ એવું સૂચવે છે કે ઉત્તર ગુજરાતમાં પાણીની કટોકટી વધુ છે. જ્યાંના જળાશયોમાં ગત વર્ષની સરખામણીએ ૨૭૯ એમસીએમ ઓછું પાણી છે. મધ્ય ગુજરાતના જળાશયોમાં ૨૩૮ એમસીએમ ઓછું પાણી છે. બીજી તરફ દક્ષિણ ગુજરાતના જળાશયોમાં ગત વર્ષની સરખામણીએ ૬૩૧ એમસીએમ વધુ પાણી છે જ્યારે સૌરાષ્ટ્રમાં ગત વર્ષની

(અનુ.પાના નં.૪ ઉપર)

### ચારધામ યાત્રાનો આરંભ

## ગંગોત્રી-યમુનોત્રીના કપાટ ખુલ્યા



### કપાટ ઉદઘાટનવિધિ પ્રસંગે મુખ્યમંત્રીની ઉપસ્થિતિ

(એજન્સી સમાચાર)
ઉતરકાશી તા.૩
આજે ચારધામ યાત્રાનો આરંભ થઇ ગયો છે. ગંગોત્રી અને યમુનોત્રી ધામના કપાટ ખુલ્યા હતા. આ તકે ગંગોત્રીમાં કપાટ ઉદઘાટનમાં મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ ભાગ લીધો હતો. આજે સવારે ૬.૩૦ વાગ્યે ગંગોત્રી માટે રવાના થયેલી ડોલી ગંગોત્રી પહોંચતા ૧૧-૧૫ વાગ્યે કપાટ ખોલાયા હતા. માં યમુનાની ડોલી આજે સવારે ખરસાલીથી રવાના થઈ હતી જે બપોરે ૧૨.૧૫ વાગ્યે યમુનોત્રી ધામના કપાટ ખોલવામાં આવશે.

જયારે કેદારનાથ ધામના કપાટ ૬ મે ના અને બદરીનાથના કપાટ ૮ મે ના ખુલશે.ગંગોત્રીમાં કપાટ ઉદઘાટન પ્રસંગે મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામી ઉપસ્થિત હતા. ચારધામ યાત્રા શરૂ થતા ગંગોત્રી અને જાનકી ચટ્ટીમાં મોટી સંખ્યામાં યાત્રીઓ પહોંચ્યા હતા. ગંગોત્રી ધામના મંદિરને ૧૫ કવીન્ટલ ફલોથી ભવ્યતાથી સજાવાયા છે. જયારે યમુનોત્રી ધામને ત્રણ કવીન્ટલ ફલોથી સજાવાયા છે.

સૌથી વધુ યાત્રીઓ ગંગોત્રી ધામ, ભૈરવ ઘાટી, હર્ષિલ, ધરાલી, જસપુર, ઉતરકાશી, જાનકી ચટ્ટી વગેરે પડાવ પર હતા.

## સ્કૂલની છત તૂટતા ૪ બાળક ઘાયલ, ૧ને માથામાં ૮ ટાંકા

### રાજયના મંત્રી કુબેરભાઇએ હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત બાળકોની મુલાકાત લીધી



(એજન્સી સમાચાર)
સંતરામપુર, તા.૩
મહિસાગર જિલ્લાના સંતરામપુર નગરની પ્રતાપપુરા પ્રાથમિક શાળામાં ધોરણ ૧થી ૮ના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ શાળાના ૧૨ ઓરડામાંથી ૪ ઓરડાને જર્જરિત જાહેર કરીને બાળકોના અભ્યાસ માટે બંધ કરી દીધા હતા. ઓરડાની ઘટના કારણે બાળકોને શાળાની લોબીમાં બેસાડીને શિક્ષણ આપવામાં આવે છે.

સોમવારે શાળાના શિક્ષકનો નિવૃત્તિ સન્માન સમારંભ શાળાની બહાર ચાલતો હતો.

(અનુ.પાના નં.૪ ઉપર)

## ભારત લોકલમાંથી હવે ગ્લોબલ બન્યું છેઃ મોદી


લોકલમાંથી ગ્લોબલ

(એજન્સી સમાચાર)
બર્લીન, તા.૩
ભારતે એક નવા સંકલ્પ સાથે આગળ વધવાનો સંકલ્પ કરી લીધો છે અને યુવા તથા મહત્વાકાંક્ષી ભારતને ઝડપથી વિકસીત કરવા માટે મારી સરકાર પ્રતિબદ્ધ છે. વડાપ્રધાન તેમની ત્રણ દિવસની વિદેશયાત્રાના પ્રથમ તબકકામાં જર્મનીના બર્લીન પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અહી વસતા ભારતીય સમુદાયને સંબોધીત કર્યુ હતું.

મોદીએ જણાવ્યું કે ભારત હવે એ જૂનુ ભારત રહ્યું નથી પણ છેલ્લા આઠ વર્ષમાં એક નવા ભારતનો ઉદય થયો છે.

ભારતીયો માટે સલામત ભવિષ્ય એ ફકત વિચાર જ નથી તે દરેક પ્રકારના જોખમ લેવા તૈયાર છે. મોદીએ કહ્યું કે સ્વતંત્ર ભારતમાં જન્મ લેનાર હું પ્રથમ વડાપ્રધાન છું મને તેનું ગર્વ છે અને ભારત હવે લોકલમાંથી ગ્લોબલ બની ગયું છે. મોદીએ યુક્રેન-રશિયાના યુદ્ધનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે યુદ્ધ તાત્કાલીક બંધ થવું જોઈએ. અમો પ્રથમ દિવસથી જ આ યુદ્ધનો વિરોધ કરતા રહ્યા છે. ભારત આજે

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો
http://www.saurashtrakranti.com/subscribe/

## વીજ કટોકટી અંગે ઉચ્ચ કક્ષાની બેઠક બોલાવતા અમિત શાહ



(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૩
દેશમાં સર્જાયેલા વીજ સંકટમાં હવે ગઇકાલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દિલ્હીમાં ઉચ્ચ કક્ષાની બેઠકમાં વીજળી ઉત્પાદન વિતરણ ઉપરાંત કોલસાની સ્થિતિની જાણકારી મેળવી હતી. આ બેઠકમાં કોલસા-વીજળી અને રેલવે વિભાગના મંત્રીઓ પણ હાજર હતા. વીજમંત્રી આર.કે.સિંહે દેશમાં વિજળીની સ્થિતિનું ચિત્ર રજુ કર્યુ હતું. કોલસા વિભાગ સંભળતા પ્રહલાદ જોષીએ દેશની કોલસાના ઉત્પાદન અને વીજ કંપનીઓને અપાતા પુરવઠાની સ્થિતિ જણાવી હતી અને રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે કોલસાના પરિવહનની રેલવેની જાણકારી આપી હતી. દેશમાં ૧૨ રાજયોમાં વીજ કટોકટી છે અને રોજ ૮-૧૦ કલાક વીજ કાપ છે તથા હજુ ઉનાળાની પરીસ્થિતિથી વિજ કટોકટી વધી શકે છે. પાટનગર દિલ્હીમાં વીજ સંકટ ગહેરાયુ છે અને દિલ્હીના અનેક ભાગોમાં સતત વીજ કાપ મુકવો પડી રહ્યો છે. મોટાભાગના એકમો કોલસાની તંગીનું કારણ માંગી રહ્યા છે.(૯)

### કાલથી ખુલશે દેશનો સૌથી મોટો IPO: IPO મારફત સરકાર LICનો ૩.૫ ટકા હિસ્સો વેંચશેઃ ૨૧૦૦૦ કરોડ એકઠા કરવા ટાર્ગેટઃ તા. ૪ થી ૯ સુધી ઈસ્યુ ખુલશે

## મોકાની ઓફીસ વેચવાની છે

રાજકોટના પોશ વિસ્તારમાં ચાલુ ભાડા તેમજ ફર્નીચર સાથે ૧૦૫, રામ ચેમ્બર, ઢેબર રોડ રાજકોટ પહેલા માળે ૧૭૦ સ્કેવર ફુટની ઓફીસ વેચવાની છે.
સંપર્કઃ ૯૫૧૨૮ ૯૫૧૨૫

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL

SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરોઃ

90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

# જય પરશુરામના નાદ સાથે સૌરાષ્ટ્રભરમાં પરશુરામ જન્મોત્સવની ઉજવણી



## પૂર્વ મેયર ડો. જૈમનભાઈ ઉપાધ્યાય, હરેશ જોષી, જયંત ઠાકર સહીતના બ્રહમ અગ્રણીઓએ શસ્ત્ર અને શાસ્ત્રનું પૂજન કર્યુ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩

સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહમસમાજના પ્રવક્તા જયંતભાઈ ઠાકર અને મીડીયા ઈન્ચાર્જ હરેશભાઈ જોષીની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયું છે કે ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર અને આપણા આરાધ્ય દેવ ભગવાનશ્રી પરશુરામજીનો પ્રાગટય દિન એટલે કે ભગવાન પરશુરામજીનો જન્મોત્સવનું પાવન પર્વ છે અને બ્રહમતેજને વધુ બળવતર બનાવવાનો ગૌરવ દિવસ છે ત્યારે છેલ્લા ઘણા વર્ષોથી ભગવાન પરશુરામજીના જન્મોત્સવની પૂજન-અર્ચન અને મહાઆરતી સાથે ભવ્ય ઉજવણી કરવામાં

આવે છે, તે અંતર્ગત આજે ભગવાનશ્રી પરશુરામજી જન્મોત્સવ અંતર્ગત ભુદેવોએ જય પરશુરામ ના નાદ સાથે સૌરાષ્ટ્રભરમાં પરશુરામ જન્મોત્સવ ઉજવણીનો રંગેચંગે પ્રારંભ કર્યો હતો. ત્યારે ભુદેવોએ ઘરે ષોડષોપચાર અને વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજન-અર્ચન-મહાઆરતી અને મહાપ્રસાદના કાર્યક્રમો યોજી ભગવાન પરશુરામની ભક્તિમાં લીન બની ધન્યતા-દિવ્યતા અનુભવી હતી. તેમજ આ તકે બ્રહમઅગ્રણીઓ પૂર્વ મેયર ડો. જૈમનભાઈ ઉપાધ્યાય, હરેશભાઈ જોષી, જયંતભાઈ ઠાકર સહીતના આગેવાનોએ શસ્ત્ર અને શાસ્ત્રનું વેદોક્ત પૂજન કરેલ હતું. અને આ તકે ડો. જૈમનભાઈ ઉપાધ્યાય, આશાબેન ઉપાધ્યાય, હરેશભાઈ જોષી, જયંતભાઈ ઠાકર, એ જણાવેલ કે શસ્ત્ર અને શાસ્ત્રનો સમન્વય એટલે ભગવાનશ્રી પરશુરામજી ત્યારે પરશુરામ જન્મની શુભેચ્છા પાઠવી હતી. આ તકે ડો. જૈમનભાઈ ઉપાધ્યાય તેમજ આશાબેન ઉપાધ્યાયએ પરીવારજનો સહીત ભગવાન પરશુરામજીનું પૂજન-અર્ચન કર્યુ હતું. (૯.૧)

## બ્રહ્મ અગ્રણી જીતુ મહેતાના ઘરે પુજન-અર્ચન- મહાઆરતી સાથે પરશુરામ ગાથાનું વિમોચન કરાયું

સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહમસમાજના અગ્રણી જીતુભાઈ મહેતા દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી ભગવાન પરશુરામજીના જન્મોત્સવની પૂજન-અર્ચન અને મહાઆરતી સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવે છે તે અંતર્ગત આજે રામનાથપરા સ્થિત આવેલ જીતુ મહેતાના નિવાસસ્થાને વહેલી સવારથી જ ભગવાનશ્રી પરશુરામજીનો ષોડષોપચાર અને વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજન-અર્ચનનો પ્રારંભ થયો હતો, જેમાં બ્રાહમણો દ્વારા વેદધ્વની અને જય જય પરશુરામના નારા સાથે શસ્ત્ર અને શાસ્ત્રપૂજન યોજાયેલ તેમજ ગુજરાતમાં સૌપ્રથમ વાર ગજાનંદભાઈ દવે લીખીત પરશુરામ ગાથાનું વિમોચન



બ્રહમઅગ્રણીઓને રાજકીય તેમજ સામાજીક ક્ષેત્રના અગ્રણીઓના હસ્તે વિમોચન કરવામાં આવેલ હતું.

આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, મેયર ડો. પ્રદિપભાઈ ડવ, કશ્યપ શુકલ, શહેર ભાજપ મહામંત્રી કીશોર રાઠોડ, નરેન્દ્રસિહ ઠાકુર, ડો. જૈમનભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ જોષીપુરા, જીતુભાઈ મહેતા, વિનુભાઈ ઘવા, પી.સી. વ્યાસ, અતુલ પંડિત, અનીલભાઈ પારેખ, જયંતભાઈ ઠાકર, હરેશ જોષી, તેજશ ત્રિવેદી, દર્શીત જાની, ગજાનંદનભાઈ દવે, જયેશ જાની, યોગેશ ભટ્ટ, હિરેન રાવલ, ડો. અતુલભાઈ પંડયા, ડો. દર્શનાબેન પંડયા, અનંતભાઈ ભટ્ટ, રમેશભાઈ પંડયા, કીરીટ પાઠક, શૈલેષ જાની, ઉમેશભાઈ રાજયગુરૂ, ભાવનાબેન જોષીપુરા, રૂચીતાબેન જોષી, કોમલબેન ખીરા, મહંતશ્રી જેરામદાસજી, બાલા હનુમાન મંદીરના કેશવદાસજી, સહીતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

### અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીઓનો આતંક વધવા લાગ્યો

# ૫ વર્ષની માસુમ બાળકીને ખૂંખાર સિંહે ફાડી ખાધી



## પિતાની બાજુમાંથી સિંહ બાળકીને ઉપાડી ગયો, શ્રમિક પિતા સિંહનું પૂછડું પકડી પાછળ દોડ્યા પણ દીકરીને બચાવી શક્યા નહીં

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩

અમરેલી જીલ્લામાં અવાર-નવાર ખુંખાર જંગલી જાનવરો ખેતરો અને ગ્રામ્ય વિસ્તારોમાં આવી ચડતા હોય છે અને ખેડૂતો અને ખાસ કરીને ખેતરમાં રહેતા ખેતમજૂરોના પરિવારો પર સતત જીવનું જોખમ તોળાતું રહે છે. અનેક લોકો સિંહ અને દીપડાના શિકારનો ભોગ બની ચુકયા છે તેવામાં સરકાર અને વનવિભાગ દ્વારા યોગ્ય કામગીરી ન થતી હોવાને કારણે અનેક નાના માસુમ બાળકોનો ભોગ લેવાઈ ચુક્યો છે અને આ સિલસિલો બંધ થવાનું નામ લઇ રહ્યો નથી. બગસરાના કડાયા ગામે વધુ એક ૫ વર્ષની માસુમ બાળકીનો ભોગ લેવાયો છે.

બગસરા તાલુકાના કડાયા ગામે સિંહ સાંજના સાત વાગ્યા આસપાસના સમયે અચાનક જ ખેતર વિસ્તારમાં ચડી આવ્યો હતો અને પિતા સાથે હસતી ખેલતી નાનકડી ૫ વર્ષની બાળકીને પોતાના મુખમાં ઉઠાવીને ભાગ્યો હતો.

અડધો કિલોમીટર સુધી બાળકીને ઢસડી ગયો હતો અને શરીરના કેટલાક ભાગને ખાઈ ગયો હતો. આ ઘટનાને પગલે લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. સિંહને પકડીને તાત્કાલિક પાંજરે પૂરવામાં આવે તેવી માંગ કરી હતી. વનવિભાગને જાણ કરતા ટીમ ઘટના સ્થળ પર દોડી આવી હતી અને સિંહની શોધખોળ શરૂ કરી હતી.

આ ઘટના મહેશભાઈ નામના ખેડૂતના ખેતરમાં બની હતી. અહીં કામ કરતા સુક્રમભાઇ નામના ખેતમજુરની પાંચ વર્ષની નાનકડી નિકિતા નામની બાળકીને માનવભક્ષી સિંહે મોતને ઘાટ ઉતારી હતી. પિતાની સામેથી જ સિંહ બાળકીને ઉપાડી લઇ ગયો હતો.


સરપંચ વિઠ્ઠલભાઈએ ઘટનાને લઈને કહ્યું હતું કે સિંહ અચાનક જ ખેતરમાં ચડી આવ્યો હતો અને તેના પિતાની બાજુમાં જ રહેલી પાંચ વર્ષની બાળક પર અચાનક જ હુમલો સિંહે કરી દીધો હતો.

જોકે બાળકીના પિતાએ બાળકીને બચાવવા માટે સિંહનું પૂછડું પકડ્યું હતું, પણ કદાવર સિંહ ભારે જોશમાં હોવાથી બાળકીને લઈને અડધો કિલો મીટર સુધી અટક્યો નહોતો અને બાળકીના શરીરના અનેક ભાગને ફાડી ખાધા હતા. આ ઘટના દરમિયાન ૧૫ થી વધુ લોકો પણ હાજર હતા અને લોકોએ સિંહનો પીછો પણ કર્યો, પરંતુ તેમ છતાં સિંહે બાળકીને ન છોડી અને આ ઘટનામાં બાળકીનું કરૂણ મોત થયું હતું.

છેલ્લા ૧૦ વર્ષથી આ ગામના આસપાસના વિસ્તારમાં સિંહ જોવા મળી રહ્યાં છે. પરંતુ આ ઘટના પ્રથમ વખત ગામમાં બની છે તેવામાં આ ઘટનાને પગલે ગામલોકોમાં ગભરાટ જોવા મળી રહ્યો છે અને સિંહને તાત્કાલિક ધોરણે પકડી પાડવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

મોડી રાત્રીના સમયે પણ મોટી સંખ્યામાં લોકો ખેતરમાં એકઠા થયા હતા અને સિંહને પાંજરે પૂરવામાં આવે તેવી માંગ કરી છે.

## ઘેલા સોમનાથ મહાદેવને 'મહાકાલ'નો શૃંગાર




**(બ્રિજેશ વેગડા દ્વારા)**

પાંચાળના પરગળે બિરાજમાન ઘેલાસોમનાથ મહાદેવને પાઘ સાથે કાનમાં કુંડલ ના કવચ સાથે અનુપમ શણગાર દર્શન કરવામાં આવ્યા હતા. આ તકે વહીવટદાર મનુદાદા શીલું પૂજારી હસુભઈ જોશી દ્વારા અથાગ મહેનત સાથે પખાલ બાદ કરવામાં આ શણગાર કરવામાં આવ્યો હતો. જેમના દર્શન હાજરો ભક્તોએ કરી ધન્યતા અનુભવી હતી. (૫)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

# ધંધુકા ખાતે મેઘાણી-ગીતો ગૂંજયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩

આઝાદી કા અમૃત મહોત્સવ તથા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતિ વર્ષ અંતર્ગત શૌર્યભૂમિ ધંધુકા સ્થિત જિલ્લા પંચાયતનાં ઐતિહાસિક રેસ્ટ-હાઉસ ખાતે મેઘાણી વંદનાનું આયોજન થયું હતું. ગુજરાતના ખ્યાતનામ લોકગાયક અભેસિંહ રાઠોડ અને રાધાબેન વ્યાસએ ઝવેરચંદ મેઘાણી રચિત-સંશોધિત-સંપાદિત ગીતો-લોકગીતો-ભજનોની રમઝટ બોલાવી હતી.

હાસ્યકાર હરિસિંહ સોલંકીએ, પોતાની આગવી શૈલીમાં, રસપ્રદ વાતો કહી હતી. જાણીતા સંગીતકાર પંકજ ભટ્ટનું સૂરીલું સંગીત-નિયોજન હતું. વિશ્વભરમાં વસતાં ૨૦ લાખથી વધુ ભાવિકોએ આ કાર્યક્રમનું ઈન્ટરનેટ પર જીવંત પ્રસારણ માણ્યું હતું.

નવી પેઢી આપણાં ગૌરવવંતા સાહિત્ય-સંગીત-સંસ્કૃતિની મહામૂલી વિરાસતથી પરિચિત-પ્રેરિત થાય તેમજ રાષ્ટ્રભાવના-દેશપ્રેમ જાગૃત થાય તે આશયથી રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત રાજ્ય તેમજ કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર ઉપક્રમે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા આ પ્રેરક આયોજન થયું હતું.(૫)

# રાજકોટ ક્રાઈમ

## ઈંગ્લીશ દારૂની બોટલો સાથે મહિલા બુટલેગર ઝડપાઈ

રાજકોટ: ભાવનગર રોડ રાજમોતી મીલ પાસે મયુરનગર શેરી નં.૧ માં રહેતી મીના વિજયભાઈ રાઠોડ (ઉ.વ.૨૮) નામની માહિલાના ઘરમાં ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે દરોડો પાડતા ઈંગ્લીશ દારૂ ની ૧૭ બોટલ કી.૫૧૦૦ સાથે ઝડપી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આજીવન કેદની સજા ભોગવતો ફરાર કેદી ઝડપાયો

રાજકોટ: પેરોલ ફર્લો સ્કવોડને મળેલ સંયુક્ત બાતમીના આધારે અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે રાજકોટ શહેર બી.ડિવિઝન પો.સ્ટે. ના ખૂનના ગુન્હામાં આજીવન કેદની સજા ભોગવતો પેરોલ રજા ઉપરથી આશરે દસેક માસથી નાસ્તો ફરતો પાકા કામનો કેદી રૂખડિયા પરા રાજીવનગર શેરી નં.૮ માંથી બાદશાહ ઉર્ફે અહેમદ ઝવેરભાઈ મીયાવા (ઉ.વ.૫૧)ને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંજાના કેસમાં નાસતી ફરતી મહિલા ઝડપાઈ

રાજકોટ: એસઓજી સ્ટાફને પેટ્રોલિંગ દરમ્યાન મળેલ સંયુક્ત બાતમીના આધારે સુરેન્દ્રનગર જીલ્લાના પાણસીણા પો.સ્ટે. માં સન ૨૦૨૦ માં ૨૧.૯૦૦ કિ.ગ્રા. કિં.૧,૩૧,૪૦૦ માદક પદાર્થ ગાંજાના એન.ડી.પી.એસ.ણા ગુન્હામાં નાસ્તી ફરતી મહિલા હીરા ઉર્ફે હિરકી ઉર્ફે રૂબીના સમાંને કાલાવડ રોડ રાણીટાવર વૃંદાવન સોસાયટી પાસેથી ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જાહેરમાં ઘોડી પાસાનો જુગાર રમતા ૨ ઝડપાયા

રાજકોટ: ક્રાઈમ બ્રાંચને પેટ્રોલિંગ દરમ્યાન મળેલ બાતમીને આધારે કોલેજ વાડી શેરી નં.૮ રોયલ નેસ્ટ એપાર્ટમેન્ટ સામે દરોડો પાડતા જાહેરમાં ઘોડિપાસાનો જુગાર રમતા જામનગર રોડ સાંઢીયા પુલ પાસે રહેતો જફર ઉર્ફે અકરમ કીડિયા (ઉ.વ.૩૩) અને ફારુક પારેખ (ઉ.વ.૫૮) ને રોકડા રૂ.૩૧,૩૦૦ સાથે ઝડપી બંને વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબી હાઉસ પાસે રહેણાંક મકાનમાં ચોરી

રાજકોટ: જામનગર રોડ તોપખાના હરીજન વાસ ડેલા અંદર મોરબી હાઉસ પાસે રહેતા તેમજ આર.એમ.સી. માં ફરજ બજાવતા પ્રવીણભાઈ દેવજીભાઈ ગોરી (ઉ.વ.૫૩)ના ઘરમાં ગત તા.૨૭ ના ચોરી થઇ.પ્રવીણ ભાઈ એ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરિયાદ અનુસાર ગત તા.૨૭ ના કોઈ અજાણ્યો ઇસમ અગાસીનું ઢાંકણું ખોલી ઘરની ગેલેરીમાં પ્રવેશી પાછળ ના દરવાજા પાસેની બારીનો લોક તોડી રૂમમાં પ્રવેશી કબાટમાં રાખેલ રોકડ ૨૦૦ તેમજ સોનાના દાગીના ચેન,બુટ્ટી તેમજ લોકેટ મળી કુલ ૧,૧૫,૦૦૦ ની ચોરી થઇ જે અંગે પ્ર.નગર પોલીસે ગુનો નોંધી તપાસ ની તજવીજ હાથ ધરી છે.

## ઝેરી દવા પી મહિલાનો આપઘાતનો પ્રયાસ

રાજકોટ: હરીસાગર સોસાયટી સુખસાગર હોલ પાછળ રહેતા મહિલા સફાઈ કામદાર નિર્મળાબેન અરૂણભાઈ પરમાર ગઈકાલે સવારે પ્રદ્યુમનપાર્ક નજીક ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર નિર્મળા બેનને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે.તે ત્રણ વર્ષ થી રીસામણે પિયરમાં છે.નિર્મલાબેન વોર્ડ નં.૬ માં કોન્ટ્રાકટ બેજ પર સફાઈ કામદાર તરીકે નોકરી કરે છે.આ બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

### પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટનો અવિરત ચાલતો શિક્ષણ સેવાયજ્ઞ

# જ્ઞાનપ્રબોધિની શૈક્ષણિક પ્રોજેકટની પ્રવેશ પરીક્ષા સંપન્ન

## ૩૮૯ બાળકોએ ખંતથી પરીક્ષા આપી, ચેરમેન વિજયભાઈ રૂપાણી સહિતનાં મહાનુભાવોએ બિરદાવ્યા, ઉતિર્ણ ૨૦ વિદ્યાર્થીઓનાં અભ્યાસની જવાબદારી ઉઠાવશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩

તાજેતરમાં કરણપરામાં આવેલ ચાણક્ય સ્કૂલ ખાતે શ્રી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા બે દાયકાથી વધારે સમયથી ચલાવવામાં આવતા શૈક્ષણિક પ્રોજેક્ટ જ્ઞાન પ્રબોધિનીમાં પ્રવેશ મેળવવા ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી અને સમાજવિદ્યા એમ ૪ વિષયોની પરીક્ષા લેવામાં આવી હતી.

આર્થિક રીતે નબળા પરંતુ ભણવામાં હોશિયાર એવા સરકારી તથા ખાનગી સ્કૂલોના ધોરણ સાતના વિદ્યાર્થીઓ કે જેમણે છ માસિક પરીક્ષામાં ૮૫ % કે તેથી વધુ માર્કસ મેળવેલ હોય ૩૮૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

આજે પરીક્ષા આપવા આવેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા પૂર્વ મુખ્યમંત્રી તથા ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ રૂપાણી, મેયર ડો.પ્રદીપભાઈ ડવ, કલેકટર અરૂણ મહેશ બાબુ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન અતુલભાઈ પંડિત, પૂર્વ ચેરમેન નરેન્દ્રસિંહ ઠાકુર, પ્રદેશ ભાજપ મહિલા અગ્રણી બીનાબેન આચાર્ય, મોદી સ્કૂલના સંચાલક રશ્મિકાંતભાઈ મોદી, શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, ડો.જેમનભાઈ ઉપાધ્યાય, ડો.અનિમેષભાઈ ધ્રુવ તથા ડો.ગૌરવીબેન ધ્રુવ, ઉલ્કાબેન બક્ષી વગેરે મહાનુભવો તથા ટ્રસ્ટના ટ્રસ્ટી અંજલીબેન રૂપાણી હાજર રહ્યા હતા.

આ પરીક્ષામાં બેસ્ટ માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓમાંથી આશરે ટોપ ૨૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવશે. આ વિદ્યાર્થીઓને ધો. ૮ થી શહેરની શ્રેષ્ઠ શાળાઓમાં એડમિશન આપવા ધો.૧૨ સુધીનું તમામ શૈક્ષણિક ખર્ચ જેવો કે સ્કૂલ ફી, પુસ્તકો, માર્ગદર્શિકાઓ, યુનિફોર્મ, બુટ- મોજા, દફતર તથા સ્કૂલે આવવા જવા માટે સાઇકલ પણ આપવામાં આવશે. આ વિદ્યાર્થીઓ માટે ગ્રુપ ટયુશનની વ્યવસ્થા પણ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે.

આજની આ પ્રવેશ પરીક્ષાને સફળ બનાવવામાં ટ્રસ્ટના ટ્રસ્ટી અંજલીબેન રૂપાણી, મહેશભાઈ ભટ્ટ કથા ડો.મેહુલભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ જ્ઞાન પ્રબોધિની પ્રોજેક્ટ કમિટી મેમ્બર જયેશભાઈ ભટ્ટ, ગીતાબેન તન્ના, હસુભાઈ ગણાત્રા, કાર્યકર્તાઓ હરેશભાઈ ચાંચિયા, કિશોરભાઈ ગમારા, દિલીપભાઈ મીરાણી, કનુભાઈ હિંડોચા, મહેશભાઇ પરમાર, કેતનભાઈ મેસવાણી, જયસુખભાઈ ડાભી, રાજુભાઇ શેઠ, રમેશભાઈ જોટાંગિયા, પરેશભાઈ હુંબલ, કોમલબેન હુંબલ, વિશાળગીરી ગોસ્વામી, વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટ, સીટી ચાઇલ્ડલાઈન કો- ઓર્ડીનેટર જયદીપભાઇ ગોહેલ, રેલ્વે ચાઇલ્ડ લાઇન કોર્ડીનેટર નિરાલીબેન રાઠોડ અન્ય વિદ્યાર્થીઓએ ભારે જહેમત ઊઠાવી હતી. આ પરીક્ષાનું પરિણામ આગામી તા. ૧૬ ને સોમવારના રોજ ૧૧ થી ટ્રસ્ટના મુખ્ય ભવન કિલ્લોલ, મયુરનગર- ૧, મહાનગરપાલિકાના પૂર્વ ઝોન કચેરી સામે, ભાવનગર રોડ, રાજકોટ ખાતે જોઈ શકાશે.

વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો ફોન નંબર. ૦૨૮૧ ૨૭૦૪૫૪૫ અથવા ૨૭૦૧૦૯૮ પર સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.(૫.૧૨)

### કેરીની સિઝન પહેલા કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતિત

# રાજુલા - ખાંભા પંથકમાં કેરી, ડુંગળી સહિતના પાકને માવઠાથી નુકસાન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા. ૩ : સૌરાષ્ટ્ર- કચ્છ રાજકોટ સહિત ધોમધખતા તાપ વચ્ચે અમરેલી જિલ્લાના રાજુલા, ખાંભા પંથકમાં કમોસમી વરસાદથી કેરી, ડુંગળી સહિતના પાકને નુકસાન થયું છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ કેરીની સિઝન પહેલા કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતિત છે.કાળઝાળ ઉનાળાના ધોમધખતા તાપમાં અમરેલી અને ખાંભા પંથકમાં એકાએક વાતાવરણ પલટાયું હતું અને જોતજોતામાં તેજ તોફાની પવન સાથે કમોસમી વરસાદ ધોધમાર વરસવા લાગ્યો હતો. સાવરકુંડલાના ઘનશ્યામનગરમાં કરા પણ પડયા હતા. એકાએક મોસમે રંગ



બદલતા કેરી, ડુંગળી સહિતના ઉનાળુ પાકોને ભારે નુકસાન થયાની ભીતિથી ખેડૂતો ચિંતાતુર બન્યા હતા.

ખાંભા, ગીરના થોરડી, આંબરડી, ભારવડી, ચાતુરી, રાયડી સહિતના ગામમાં ભરઉનાળે માવઠું વરસતા આશ્ચર્ય ફેલાયું હતું. ખાંભા ગીર અને સાવરકુંડલા, રાજુલા પંથકના ગામડામાં વાવાઝોડા જેવો તોફાની પવન ફુંકાયો હતો. ગાજવીજ અને પવનના સુસવાટા સાથે ઉનાળામાં ચોમાસુ જામ્યું હોય એવો માહોલ છવાઇ ગયો હતો. જેના કારણે ગરમીમાં રાહત મળી છે પરંતુ ખેતીના પાકોને નુકસાનીની દહેશત વ્યાપી છે.

# યુપીમાં વધુ એક ભીષણ અકસ્માતઃ સાતના મોત

(એજન્સી સમાચાર) લખનઉ, તા.૩

ઉતરપ્રદેશનાં કાશગંજમાં એક ભિષણ અકસ્માતમાં સાત લોકોના મૃત્યુ થયા હતા અને આઠને ગંભીર ઈજા થઈ હતી. રાજયના કાશગંજનાં પટીયાલી થાણામાં સવારે બોલેરો તથા ટેમ્પોની ટકકર થઈ હતી અને તેમાં ટેમ્પોમાં પ્રવાસ કરતા લોકો સૌથી વધુ ભોગ બન્યા હતા.

મૃતકોમાં મહિલાઓનો સમાવેશ છે. કુલ સાત લોકો માર્યા ગયા હતા. જયારે આઠ લોકોને ઈજા થઈ હતી જેમાં અનેકની હાલત ગંભીર માનવામાં આવે છે.



## તંત્રી સ્થાનેથી...

### સોનાબજારમાં આવશે ચમક

કોરોનાનાં બે વર્ષ બાદ આ વર્ષે અખાત્રીજે સોનાબજારની રોનક પાછી ફરવાની શક્યતા છે. એક દિવસમાં દેશભરમાં ૧૫ હજાર ટન સોનું વેચાશે એવી શક્યતા છે. જે પ્રી-કોવિડની તુલનામાં દોઢ ગણું વધારે છે. વજનમાં સોનાનું વેચાણ પ્રી-કોવિડની તુલનામાં ૨૩ ટકા વધુ થવાની શક્યતા છે. ગત બે વર્ષમાં કોરોનાકાળ, લોકડાઉનને કારણે અક્ષય તૃતીયાએ સોનાનું વેચાણ એકથી ૨ ટન સુધી મર્યાદિત રહ્યું હતું.

ગુજરાતમાં સોના-ચાંદીનું અખાત્રીજનું સરેરાશ રૂ.૨૫૦ કરોડનું વેચાણ થાય તેવો આશાવાદ છે. સોનું રેકોર્ડ પ્રતિ ૧૦ ગ્રામ ૫૮,૫૦૦ની તુલનાએ સરેરાશ રૂ.૫૫૦૦ નીચું ક્વોટ થઇ રહ્યું છે જેના કારણે હજુ રોકાણકારોમાં ખરીદીનો ટ્રેન્ડ્ જળવાશે. છેલ્લા દોઢેક માસમાં સોનાની કિંમત સરેરાશ રૂ.૨૦૦૦થી વધુ ઘટી અત્યારે રૂ.૫૩,૦૦૦ અંદર ક્વોટ થઇ રહી છે. જ્યારે ચાંદી ઘટીને ૬૪,૦૦૦ બોલાઇ રહી છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના સીઇઓ પી.આર. સોમસુંદરના જણાવ્યા પ્રમાણે બે વર્ષ પછી અખાત્રીજે શરાફ બજારનો કારોબાર સારો થવાની આશા છે. અખાત્રીજે દેશમાં ૨૦થી ૨૫ ટન સોનું વેચાતું હોય છે પણ આ વર્ષે વેચાણ ૩૦ ટનને આંબી જવાની શક્યતા છે. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનના નેશનલ સેક્રેટરી સુરેન્દ્ર મહેતાએ ભાસ્કરને જણાવ્યું હતું કે આ વર્ષે ગ્રાહકોનું સેન્ટિમેન્ટ સારું છે. ભાવ વધવાને કારણે વેચાણને અસર થવાની શક્યતા નહીવત્ છે.

ફેડરલ રિઝર્વ ચાલુ વર્ષ દરમિયાન વ્યાજદર વધારો જાળવી રાખશે તો આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું ઘટી ૧,૭૫૦ ડોલર સુધી આવી શકે છે. જોકે, ૧,૮૫૦ ડોલરનો મજબૂત સપોર્ટ છે તે તૂટે તો જ મંદી સમજવી. સ્થાનિકમાં સોનું ૫૧,૦૦૦ સુધી પહોંચી શકે. ભાવ છેલ્લા કેટલાક સમયથી ઘટતા ફરી રોકાણકારોની ડિમાન્ડ આવી રહી છે. અશોક ચોકસી, બી,ડી, ચોકસી જ્વેલર્સ. અખાત્રીજના દિવસે સોના-ચાંદીના વેચાણને વેગ આપવા માટે જ્વેલર્સ દ્વારા ઘડામણ પર સરેરાશ ૫થી ૫૦ ટકા સુધી ડિસ્કાઉન્ટની ઓફર આપવામાં આવી રહી છે. ભાવ છેલ્લા કેટલાક સમયથી ઘટ્યા છે પરંતુ મોંઘવારીના કારણે ગત વર્ષની તુલનાએ આ વર્ષે વેચાણ જળવાઇ રહે તેવો આશાવાદ છે. એક દિવસમાં દેશભરમાં ૧૫ હજાર ટન સોનું વેચાશે એવી શક્યતા છે. જે પ્રી-કોવિડની તુલનામાં દોઢ ગણું વધારે છે. વજનમાં સોનાનું વેચાણ પ્રી-કોવિડની તુલનામાં ૨૩ ટકા વધુ થવાની શક્યતા છે. ગત બે વર્ષમાં કોરોનાકાળ, લોકડાઉનને કારણે અક્ષય તૃતીયાએ સોનાનું વેચાણ એકથી ૨ ટન સુધી મર્યાદિત રહ્યું હતું.

# આજે અખાત્રીજઃ વણજોયા મુહૂર્તમાં સોના-ચાંદી, વાહન, જમીન-મકાનની ખરીદી થશે

### આખા વર્ષનો એક માત્ર એવો દિવસ જયારે કોઈપણ શુભ કાર્ય માટે મુહૂર્ત જોવાની જરૂર ન પડે




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩

શહેરીજનો શુભ કાર્ય માટે અખાત્રીજની રાહ જોઈ રહ્યા હોય છે. આમ તો વર્ષમાં ચાર વણજોયા શુભ મુહૂર્તમાંનું એક વૈશાખ સુદ અખાત્રીજ. ત્યારે રાજકોટમાં ૩૦૦ થી વધુ લગ્નો યોજવાનો અંદાજ છે અને સોના-ચાંદીની વધુ પડતી ખરીદી થવાની આશા છે.વર્ષમાં ચાર વણજોયા મુહૂર્ત શ્રેષ્ઠ માનવામાં આવે છે એ પૈકી અખાત્રીજ પણ એવું જ વણજોયું મુહૂર્ત છે. સૌથી વધુ લગ્ન, વાસ્તુ, ઉદ્દઘાટન, ખાતમુહૂર્ત, નવા વાહનોની ખરીદી, સોના-ચાંદીની ખરીદી, જમીન-મકાન ખરીદવા, પૂજાનો સામાન ખરીદવો શુભ માનવામાં આવે છે. શાસ્ત્રી રાજદીપ જોષી જણાવે છે કે, વાસ્તુ, હવન, નવચંડી યજ્ઞ, લગ્ન, સગાઇ, ખાતમુહૂર્ત, નવી દુકાનનું મુહૂર્ત, નવા વ્યાપારની શરૂઆત સહિતના શુભ કાર્યો માટે આજનો દિવસ શુભ છે, કોઈ ચંદ્રબળ જોવાની જરૂર રહેતી નથી. અખાત્રીજનો આખો દિવસ દરેક શુભ કાર્યો માટે સારો છે. અખાત્રીજના દિવસે ભગવાન પરશુરામનું પ્રાગટ્ય થયું હોવાનું પંડિતો જણાવે છે આથી આજના દિવસે ભગવાન પરશુરામની પૂજા કરવી. આ ઉપરાંત આ દિવસે ત્રેતા યુગનો પણ પ્રારંભ થયો હોવાનું માનવામાં આવે છે. અખાત્રીજના દિવસે પાણી ભરેલા ઘડાનું દાન દેવું તથા ગાયોને ઘાસ નાખવું ઉત્તમફળ આપશે.

અખાત્રીજના દિવસે કરેલા જપ-તપ-દાનનું આજીવન ફળ મળે છે. વૈશાખ સુદ ત્રીજને તારીખ ૪ મેના બુધવારે ગણેશચોથ છે બુધવારે સવાર ના ૭.૩૪ સુધી ત્રીજ તિથિ છે ત્યાર બાદ આખો દિવસ ચોથ તિથિ હોવાથી આ વર્ષે ગણપતિદાદાના પ્રિયવાર બુધવારે ગણેશચોથ મનાવાશે. સૌરાષ્ટ્ર ગુજરાતમાં વૈશાખ મહિનાની ગણેશચોથનું મહત્ત્વ સૌથી વધારે છે.

એક માન્યતા પ્રમાણે ગણપતિદાદાના વિવાહ આ દિવસે થયા હતા. આ દિવસે જે નવા ઘઉં લીધા હોય તેના સૌ પ્રથમ લાડવા બનાવી અને ગણપતિદાદાને ધરી અને તે લાડવા પ્રસાદ તરીકે ગ્રહણ કરી અને ત્યારબાદ ઘરમાં નવા ઘઉં વાપરવાની શરૂઆત કરવામાં આવે છે. સોનાનાં ભાવમાં છેલ્લા ઘણા સમયથી સોનાનાં ભાવમાં કોઈ મોટી ઉથલ-પાથલ ન થઇ હોવાથી લોકો સોનાની ખરીદીમાં ઘરાકીની આશા છે. ધડામણમાં ડિસ્કાઉન્ટ પણ આજની ખરીદીને પ્રભાવિત કરશે.

ગત વર્ષે અખાત્રીજનાં દિવસે સોનાનો ભાવ ૪૫ હજાર હતો. જે વધીને આ વર્ષે ૫૩,૯૦૦ છે. જયારે ચાંદીનાં ભાવમાં પણ ઉછાળો જોવા મળ્યો છે. છતાં પણ ભાવ અત્યારે સ્થીર હોવાને કારણે ખરીદી સારી થઇ શકે છે.(૧૨)

## ગોંડલના મોટીખીલોરી પાસે ટેન્કરની હડફેટે બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત

રાજકોટ તા.૩

ગોંડલના મોટીખીલોરી પાસે પુરપાટ ઝડપે આવતા દૂધના ટેન્કરે હડફેટે લેતા બાઈક ચાલક જગદીશભાઈ ખુંટનું ઘટના સ્થળે જ પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. બનાવ અંગે જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી જઈ અકસ્માત સર્જી નાસી છુટેલા ટેન્કર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી હતી.

ફરિયાદી શામજીભાઈ પ્રેમજીભાઈ ખુંટ (રહે. મોટી ખીલોરી ગોંડલ)એ જણાવ્યા અનુસાર ગત રોજ હું વાડીએ હતો ત્યારે મારા સેઢા પડોશીએ આવીને જણાવેલ કે તમારા નાનાભાઈ જગદીશભાઈ પ્રેમજીભાઈ ખુંટ (ઉ.૩૪)નું ગામ પાસે સ્કુલની બાજુમાં દુધના ટેન્કરની ઠોકરે અકસ્માત થયેલ છે. જે બાદ હું ઘટના સ્થળે પહોંચતા જગદીશનું પ્રાણપંખેરૂ ઉડી ગયુ હતું. જેમને ગોંડલ સિવિલ ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગેની જાણ થતા ગોંડલ પોલીસે સિવિલ દોડી આવી કાગળો કરી અકસ્માત સર્જી નાસી છૂટેલા ટેન્કર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી હતી.

# ગ્રાહકના ખાતામાંથી પૈસાની ઉઠાંતરી થશે તો બેંક નુકશાની ચૂકવશે

**(એજન્સી સમાચાર)**

નવીદિલ્હી,તા.૩

દિલ્હીની રોહિણી કોર્ટે તાજેતરમાં એક મહત્વપૂર્ણ નિર્ણય આપ્યો છે, જે મુજબ જો કોઈ ગ્રાહકના ખાતામાંથી પૈસા ઉપાડવામાં આવે છે, એટલે કે તે છેતરપિંડી કરે છે, તો તેની જવાબદારી બેંકની રહેશે. એક વૃદ્ધ વ્યક્તિના કેસની સુનાવણી દરમિયાન કોર્ટે આ વાત કહી. બનાવટી ચેક દ્વારા ૭૭ વર્ષીય વ્યક્તિના ખાતામાંથી સાત લાખ રૂપિયા ઉપાડી લેવામાં આવ્યા હતા. તેના પર વૃદ્ધ છેલ્લા ૧૫ વર્ષથી બેંક સામે કેસ લડી રહ્યા હતા. આ મામલાની સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે વૃદ્ધોની નિવૃત્તિ અને પેન્શનના પૈસા બેંકમાં જમા છે. આવી સ્થિતિમાં, જો કોઈ નકલી ચેક દ્વારા તેમના પૈસા ઉપાડે છે, તો તેનો અર્થ એ છે કે બેંક સ્તરે ખામીઓ છે. આવી સ્થિતિમાં વૃદ્ધોની રકમ ચૂકવવાની જવાબદારી બેંકની છે. કોર્ટે કહ્યું કે વૃદ્ધોની અરજી દાખલ કરવાથી લઈને રકમની ચુકવણી સુધી બેંક નવ ટકા વ્યાજ પણ ચૂકવશે. વડીલે દાખલ કરેલી અરજી મુજબ તેણે સિન્ડીકેટ બેંકમાં ખાતું ખોલાવ્યું હતું. ૨૦૦૭માં તેમના ખાતામાં નવ લાખ રૂપિયા હતા. આ રકમમાંથી તેણે અઢી લાખનો ખર્ચ કર્યો હતો. આ પછી બેંક ખાતામાં ૧.૨૫ લાખ બાકી રહ્યા હતા. દિલ્હી સરકારના શિક્ષણ વિભાગમાંથી વરિષ્ઠ ક્લાર્કના પદ પરથી નિવૃત્ત થયા પછી, તેઓ ૬ જુલાઈ, ૨૦૦૭ના રોજ તેમની પાસબુક લેવા બેંકમાં ગયા હતા. જ્યારે તેણે તેની પાસબુક અહીં અપડેટ કરાવી તો તેને માહિતી મળી કે ખાતામાં કોઈ રકમ નથી. તપાસ કરતાં જાણવા મળ્યું કે આખી રકમ ત્રણ ચેક દ્વારા ઉપાડી લેવામાં આવી હતી. આ મામલામાં જ્યારે બેંકે તેમને કોઈ સહયોગ ન આપ્યો તો વૃદ્ધે ગ્રાહક કોર્ટમાં અરજી કરી. પરંતુ ત્યાં યોગ્ય પુરાવાના અભાવે નિર્ણય લઈ શકાયો ન હતો. ત્યારપછી બેંકિંગ ઓમ્બડ્સમેનને ફરિયાદ કરી. તેમણે આ મામલો ભારતીય રિઝર્વ બેંકના જનરલ મેનેજરને મોકલ્યો. આ દરમિયાન કોઈએ નકલી સહી કરીને પૈસા ઉપાડી લીધા હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું. વૃદ્ધે કોર્ટમાં કહ્યું કે તેની પાસે તે સીરીઝની ચેકબુક નથી, પરંતુ તે પછી પણ તે ૧૫ વર્ષ સુધી કોર્ટમાં કેસ લડતો રહ્યો.

# વિંછીયાના મોઢુકામાં મકાન વેચવા મામલે યુવકને મહિલા સહિત ત્રણે માર માર્યો


### વિંછીયા પોલીસે તપાસ હાથ ધરી

રાજકોટ,તા. ૩ઃ વિંછીયાના મોઢુકા ગામે મકાન વેચવા મામલે મુંબઈ રહેતા અરૂણભાઈને તેના સબંધી રાજન, અનીલ અને તેની માતાએ વાડીએ બોલાવી બોલાચાલી કરી લાકડીથી માર માર્યાની વિંછીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. બનાવ અંગે ફરિયાદી અરુણભાઈ ઉર્ફે અરવિંદભાઈ કિશનભાઈ સોલંકી (ઉ.૩૭, રહે. મૂળ ભડલી વિંછીયા, હાલ મુંબઈ), જણાવ્યું હતું કે મારે ભડલીમાં આવેલ મકાન વેચવાનું હોઇ જે બાબતે અમારા સબંધી મોબીન મસરુ ખાવડીયા અને તેના પુત્ર રાજન અને અનીલે અગાઉ બોલાચાલી કરી હતી. જેનો ખાર રાખી ગતરોજ વિંછીયાના મોઢુકામાં આવેલ તેની વાડીએ વાતચીત કરવા માટે બોલાવી ઝઘડો કરીને લાકડી વડે ફટકારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી વિંછીયા પોલીસ મથકના એએસઆઈ ઇમરાનભાઈ સમા અને સ્ટાફે હુમલાખોરોની શોધખોળ આદરી હતી.

### તલગાજરડા ખાતે તા.૨૧મીએ પૂ.મોરારીબાપુનો હસ્તે થશે સન્માન

# ગુજરાતનાં ૬૬ શ્રેષ્ઠ શિક્ષકોને 'ચિત્રકૂટ એવોર્ડ' અપાશે

### વર્ષ-૨૦૨૦ અને ૨૦૨૨માં કોરોના મહામારીનાં કારણે કાર્યક્રમ સ્થગિત રહેતા,હવે બન્ને વર્ષનાં એવોર્ડ સાથે અપાશે



**(કુંઢેલી દ્વારા)**

કુંઢેલી, તા.૩

રાજ્યના પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે પ્રતિષ્ઠિત ગણાતો શ્રેષ્ઠ શિક્ષક માટેનો ચિત્રકૂટ એવોર્ડ આગામી તારીખ ૧૧/૫/૨૦૨૨ ને બુધવારે ૯:૦૦ વાગે પૂ. મોરારી બાપુ દ્વારા એનાયત થશે.

સને ૨૦૦૦ની સાલથી પ્રારંભાયેલા થયેલા આ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ પ્રતિ વર્ષ અર્પણ થાય છે. તલગાજરડા (તા.મહુવા)ની કેન્દ્રવતી શાળા- ચિત્રકુટ ધામ ખાતે કુલ મળીને ૬૬ પ્રાથમિક શિક્ષક ભાઈ બહેનોની પૂ. મોરારી બાપુ દ્વારા વંદના કરવામાં આવશે. ગુજરાતના દરેક જિલ્લામાંથી એક પ્રાથમિક શિક્ષકને આ એવોર્ડ એનાયત થશે. જેમાં સને ૨૦૨૦ના ૩૩ એવોર્ડ તેમજ ૨૦૨૧ ના વર્ષના ૩૩ એમ કુલ મળીને ૬૬ શિક્ષકોને આ એવોર્ડ એનાયત થશે. આ ૨૧ અને ૨૨ માં ચિત્રકૂટ એવોર્ડની ઘોષણા કાલે થઇ હતી.ગત કોરોના કાળના સમયગાળામાં ચિત્રકૂટ એવોર્ડ કાર્યક્રમ સ્થગિત રહ્યો હતો. જે બે વર્ષના એવોર્ડ સાથે એનાયત થશે. રાજ્યભરના બે લાખ ઉપરાંત પ્રાથમિક શિક્ષકોમાંથી પસંદગી કરવાનું કાર્ય ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ નિભાવે છે.

આ પારિતોષિકથી પુરસ્કૃત શિક્ષકોને પૂજ્ય મોરારી બાપુ દ્વારા પ્રત્યેકને ૨૫૦૦૦ રૂપિયા, સૂત્રમાલા, રામનામી, કાળી કામળી તેમજ સન્માનપત્ર થી સન્માનિત કરવામાં આવશે. પૂ. સીતારામબાપુ અધેવાડા પણ પુરસ્કૃતને સુંદરકાંડના પુસ્તકથી સન્માનિત કરશે.

મહુવા તાલુકાના શિક્ષક સંઘના અધિવેશન સાથે અહીં આ દિવસે મહુવા તાલુકામાંથી સેવા નિવૃત્ત થનાર પ્રાથમિક શિક્ષક બહેનો/ ભાઈઓને પણ સન્માન સાથે વિદાય નિવૃત્તિ આપવામાં આવશે. સ્થાનિક કક્ષાએ કાર્યક્રમની સફળતા માટે અગ્રણીઓ ગજુભા વાળા, ગણપતભાઇ પરમાર, ભરતભાઈ પંડયા, મનુભાઈ શિયાળ વગેરે સક્રિય ભૂમિકા નિભાવી રહ્યા છે.આ સમગ્ર ઉપક્રમનું ટી.વી. ચેનલના માધ્યમથી દુનિયાના ૧૭૨ દેશોમાં તેમજ મોરારિબાપુ યુટ્યુબ ચેનલ પર થી જીવંત પ્રસારણ થનાર છે.(૫)

# ગુરૂદેવ શ્રી નયપદ્મસાગરજીની મુલાકાત લેતા ડો. કથીરિયા



**(ડો વલ્લભ કથીરીયા દ્વારા)**

રાજકોટ,તા.૩

તાજેતરમાં પરમ પૂ.ગુરૂદેવ શ્રી નયપદ્મસાગરજીને રૂબરૂ મળીને રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ ચેરમેન ડો. વલ્લભભાઇ કથીરિયાએ આશીર્વાદ લીધા હતા. આ મુલાકાત દરમિયાન રાષ્ટ્રીય કામધેનુ આયોગના ચેરમેન તરીકે બે વર્ષ દરમિયાન ડો. વલ્લભભાઈ કથીરિયાએ કરેલ કામગીરી ની ચર્ચા કરવામાં આવી હતી. ડો. કથીરિયાએ પરમ પૂ.ગુરૂદેવ શ્રી નયપદ્મસાગરજી સાથે ગૌ સેવાના વિવિધ પાસાઓ જેવા કે કૃષિ વિજ્ઞાન કેન્દ્રોમાં ગૌશાળાઓ ખોલવી, યુનિવર્સિટી અને કોલેજોમાં કામધેનુ ચેર ની સ્થાપના કરવી કે જ્યાં ગાયો વિષે ની સંપૂર્ણ માહિતી વિષે બાળકો માહિતગાર થાય અને અવનવા સંસોધનો થાય, ગૌ વિજ્ઞાન પરીક્ષાને પ્રોત્સાહન પૂરું પાડવું ભારતીય દેશી ગાયોના પંચગવ્યમાંથી વિવિધ પ્રોડકટસ બનાવવા જેવા અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

# હળવદ મહર્ષિ ગુરૂકુળ ખાતે ગુરૂકુલ સમર કેમ્પનો પ્રારંભ

### હળવદની સ્કૂલોમાંથી ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ કેમ્પમાં જોડાયા



**(શિવ મયુર દ્વારા)**

હળવદ,તા.૩

હળવદના મહર્ષિ ગુરૂકુળ ખાતે ગુરૂકુલ સમર કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શાળા કોલેજની પરીક્ષા પૂર્ણ થતા વેકેશનના માહોલમાં સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મહર્ષિ ગુરૂકુળ ખાતે સોમવારથી શનિવાર સુધી છ દિવસનો પ્રાથમિકના બાળકો માટે સમર કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

સવારે આઠ વાગ્યાથી બપોરના બાર વાગ્યા સુધીનો સમય હળવદમાં પ્રથમવાર નાના બાળકો માટે ફુલ એન્જોય વેકેશનની મજા માણવા માટે ગામના તમામ બાળકો માટે કોઈપણ સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકો માટે આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે ૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. સમર કેમ્પમાં સ્વિમિંગ, કરાટે,ડાન્સ, મ્યુઝિક, હોર્સ રાઇડિંગ, ચાઈલ્ડ કેર. યોગા, રાઈટીગ સ્કીલ, ફન પાર્ક, ટ્રેકિંગ, રસાખેંચ, કબડી,



વોલીબોલ, સેલ્ફ ડીફેનસ, આર્ટ એન્ડ ક્રાફટ વગેરે ૨૦થી વધુ ઇવેન્ટની વિદ્યાર્થીઓએ મજા માણી હતી. વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. સફળ બનાવવા મહર્ષિ ગુરૂકુળના એમ.ડી.એમ ડી રંજનીભાઈ સંઘાણી, રાજુભાઈ ચનીયારા, સુપ્રિયા મેમ,પંકજ સર સહિતના સ્ટાફે એ ભારે જહેમત ઊઠાવી હતી.(૫)

# કચ્છમાં ૩ની તીવ્રતાનો ભૂકંપ

રાજકોટ તા.૩ : કચ્છમાં ૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આજે બપોરે અનુભવાયો હતો. ગાંધીનગર સિસ્મોગ્રાફી સેન્ટરના અહેવાલમાં જણાવ્યું છે કે આજે બપોરે ૧૨:૦૫ વાગ્યે ૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો જેનું કેન્દ્ર બિંદુ ગઢશીશા થી ૧૪ કિલોમીટર દૂર હતું

### ઘોડી પાસાના જુગાર રમતા બે ઈસમને રૂ.૩૧,૩૦૦ સાથે પકડી પાડતી ક્રાઈમ બ્રાન્ચ



### મયુરનગરમાંથી ઈંગ્લીદારૂની ૧૭ બોટલ સાથે એક મહીલા ઝડપાઇ

આરોપી મહિલા વિરૂધ્ધ અગાઉ પણ ગુનાહીત ઈતીહાસ નોંધાયેલોઃ ૫૨૦૦નો મુદામાલ જપ્ત

# શહેરની આંગણવાડી ખાતે થીમબેઈઝ પૂર્ણાદિવસ કાર્યક્રમની ઉજવણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૩

રાજકોટ શહેર આઈ.સી.ડી.એસ. વિભાગ રાજકોટ શહેરનાં બાળકોનું, કિશોરી,સગર્ભા,ધાત્રીનું પોષણ સ્તર વધે તે બાબતે સતત જાગૃત અને કાર્યરત રહે છે.

બાળકો,સગર્ભા, ધાત્રી અને કિશોરી કે જે આવતીકાલનું સુરક્ષીત અને સ્વસ્થ ભવિષ્ય છે તેને ધ્યાનમાં રાખીને આંગણવાડી ખાતે મહિનાના ચાર મંગળવારે વિવિધ કાર્યક્રમોનું આયોજન અને ઉજવણી કરવામાં આવે છે.

આઝાદી કા અમૃત મહોત્સવ-૭૫ તેમજ સુશાસન સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત એપ્રિલ માસના અંતિમ મંગળવારે શહેરના અર્બન ઘટક ૧,૨,૩માં કાર્યરત ૩૬૫ આંગણવાડી ખાતે પૂર્ણાદિવસ કાર્યક્રમની પોષણ અને આરોગ્ય સનેડો થીમબેઇઝ ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ થીમબેઇઝ હોવાથી આંગણવાડી કેંન્દ્રો ખાતે કિશોરીઓને સનેડો-રાસગરબા રમાડવામાં આવેલ હતા જેમાં ૮૪૪૮ કિશોરીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો અને કાર્યક્રમના અંતે કુલ વિવિધ ઘટકની કુલ ૧૦૯૨ કિશોરીઓને વિજેતા જાહેર કરવામાં આવેલ હતી.કાર્યક્રમને સફળ બનાવવામાં આઇ.સી.ડી.એસ. અર્બન વિભાગના પોગ્રામ ઓફીસર, સી.ડી.પી.ઓ, મુખ્યસેવીકા અને પુર્ણાકન્સલન્ટન્ટ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

### રાઈઝીંગ ઈન્ડિયા ગ્રુપ, યશ ફ્રેન્ડસ ક્લબ, ડિવાઈન ફાઉન્ડેશન દ્વારા આયોજન

# ધારેશ્વર મંદિરે કાલે ગણેશ ચતુર્થીએ મોદક સ્પર્ધા

### પ્રથમ શ્રી ગણપતિ દાદાની મહાઆરતી થશે, બાદમાં લાડુ આરોગવાની સ્પર્ધા જામશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩

કોરોના મહામારી બાદ રાજકોટમાં પ્રથમ વખત શ્રી ગણેશ ચોથના શુભ દિવસે સ્વરાજ ફાઉન્ડેશન સંચાલિત રાઈઝીંગ ઇન્ડીયા ગ્રુપ, યશ ફ્રેન્ડસ ક્લબ તથા ડિવાઈન ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે તા. ૪/૫/૨૦૨૨ બુધવારના રોજ સમય સાંજે ૬:૩૦ થી ૮ કલાકે ધારેશ્વર મંદિર ભક્તિનગર સર્કલ, રાજકોટ ખાતે ગણેશજીને પ્રિય લાડુ (મોદક) સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.


આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક સ્પર્ધકો માટે રજીસ્ટ્રેશન માટેનું સ્થળ શ્રી અરીહંત શરાફી સહકારી મંડલી લી., ઓફીસ નં. ૨૦૪, ગુંદાવાડી હોસ્પિટલ પાસે, કેનાલ રોડ પર રાખવામાં આવેલ છે. સૌપ્રથમ આમંત્રિત મહેમાનો દ્વારા ગણેશજીની મહાઆરતી કરવામાં આવશે. ત્યારબાદ સ્પર્ધા આરંભ કરવામાં આવશે.

સ્પર્ધામાં સ્પેશિયલ ચોખ્ખા ઘી ના ચુરમાના લાડુ તેમજ સાથે દાળ રેહશે. સ્પર્ધામાં દરેક ભાગ લેનારને ભેટ આપવામાં આવશે તેમજ પ્રથમ ૧ થી ૧૦ વિજેતાઓને અલગ-અલગ રીતે રોકડ તેમજ અન્ય ગીફ્ટથી સન્માનિત કરવામાં આવશે, સાથે બહેનો દ્વારા પણ બહોળી સંખ્યામાં ભાગ લેવામાં આવી રહ્યો છે.

આ સંપૂર્ણ આયોજનમાં હર્ષિલભાઈ શાહ, માણસુરભાઈ વાળા, અશ્વિનભાઈ પુજારા, પીયુશભાઈ ભટ્ટી, નિકુંજભાઈ પીઠવા, રોનકભાઈ મોદી, રવિભાઈ સુરાણી, જીતુભાઈ પંડ્યા, યશભાઈ વાળા, વિપુલભાઈ દેવમુરારી, લલીતભાઈ પાલા, ડેનીશભાઈ બોરીચા, જયદીપભાઇ વાંક, દેવાંગભાઈ ત્રિવેદી, નિકુંજભાઈ પીઠવા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે. વધુ માહિતી માટે ૯૬૨૪૮૯૧૨૬૮, ૭૯૮૪૪૬૪૪૯૯ ઉપર સંપર્ક કરવા અનુરોધ છે.(૫.૧૨)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
RECRUITMENT
DESIGNATION
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
EXPERIENCE
WORKING HOURS
WALK IN INTERVIEW
Monday to Saturday
ADDRESS
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Contact: +91 94097 57062
MALE AND FEMALE BOTH CAN APPLY

# જૂન માસના પ્રથમ અને બીજા સપ્તાહમાં બોર્ડનું પરિણામ જાહેર થાય તેવી શક્યતા



અમદાવાદ, તા.૩

રાજ્યના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહિનામાં બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી જો કે પરીક્ષા ગત એપ્રિલ માસમાં પૂર્ણ થતાં શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના પેપર ચકાસણી કાર્યવાહી શરૂ કરી હતી જેમાં શિક્ષણ વિભાગ અત્યાર સુધીમાં ૯૦ ટકા ઉતરવહી ચકાસણી કાર્યવાહી પૂર્ણ કરી દેવાઈ છે અને મે માસના પ્રથમ સપ્તાહમાં લગભગ ૧૦૦ ટકા પેપર ચકાસની કાર્યવાહી પૂર્ણ થશે.

આ ઉપરાંત બોર્ડ દ્વારા આ વખતે પરીક્ષા ૨૦ દિવસ મોડી શરૂ થતાં જ પરિણામ પણ ૨૦ દિવસ મોડું એટલે કે આગમી જૂન માસના પ્રથમ અને બીજા સપ્તાહમાં પરિણામ જાહેર કરશે, જો કે પેપર ચકાસણી બાદ વિદ્યાર્થીના માર્કસના ચોક્કસાઈ પૂર્વક ગણતરી અને ટોટલ કરવામાં આવશે અને ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓના માર્ક્સ ઓનલાઈન મૂકીને માર્કશીટ તૈયાર કરવામાં આવશે

રાજ્યના શિક્ષણ વિભાગે હાલ વિદ્યાર્થીઓના હિતમાં વધુ એક હિતકારી નિર્ણય લીધો છે.આ વિશે મળતી માહિતી પ્રમાણે, વિદ્યાર્થીઓના પ્રશ્નોના ત્વરીત નિકાલ લાવવા તજજ્ઞ સમિતિ દ્વારા જીઆર. અને દરેક અરજીઓનો અભ્યાસ કરી વિદ્યાર્થીઓની સહાયની દરખાસ્તોને લાભ આપવાનો નિર્ણય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગના વિદ્યાર્થીઓના હિતમાં લીધેલા નિર્ણયથી લગભગ

## મે માસના પ્રથમ સપ્તાહમાં લગભગ ૧૦૦ ટકા પેપર ચકાસની કાર્યવાહી પૂર્ણ થશે

રૂપિયા ૧૨ કરોડ જેટલી રકમ વિવિધ અભ્યાસક્રમોની ફી સ્વરૂપે મળશે. આ વિશે રાજ્યના શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ ટ્વીટ કરી જાણકારી આપી હતી. રાજ્યના ૬૦૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના નો લાભ મળી શકતો ન હતો પરંતુ લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને હવે સરકારી સહાયનો લાભ મળશે

# ભારત- તિબ્બત સંઘે ગુજરાત સ્થાપના દિન ઉજવ્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**



## ગુજરાત નકશાપૂર્તિ, નિબંધ, લેખન, ચિત્ર અને વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

રાજકોટ, તા.૩

ભારત - તિબ્બત સંઘ દ્વારા ગુજરાત સ્થાપના દિવસ નિમિતે પ્રદેશ મહિલા અધ્યક્ષ ડો.મૃણાલીનીબેન ઠાકર, ડો.રીનાબેન દવે, દિવ્યાબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ છત્રપતી શિવાજી પ્રાથમિક શાળા નં.૬૬ ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

ભારત -તિબ્બત સંઘનાં રાજકોટ મહાનગરના મહામંત્રી રૂદ્રભાઈ ભટ્ટ, મહિલા વિભાગના મંત્રી શિલ્પાબેન કોટક, મહિલા વિભાગના ઉપાધ્યક્ષ લતાબેન ચૌહાણ, યુવા વિભાગના મંત્રી જહાન્વીબેન ચૌહાણ, કાર્યકર્તા વિનોદભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે સંઘના અગ્રણીઓ તથા શાળાના આચાર્ય દ્વારા દિપ પ્રાગટય અને શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા ભારત -તિબ્બત સંઘના અગ્રણીઓનું સ્વાગત કરાયું હતું. આ પ્રંસગે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ નૃત્ય રજુ કરાયું હતું. તેમજ રૂદ્રભાઈ ભટ્ટે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

આ તકે ગુજરાત નકશાપૂર્તિ, નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થયું હતું. શાળાના આચાર્ય નિલમબેન પરમાર, ઈન્ચાર્જ આચાર્ય શોફીયાબેન સુમા, દિપક વૈશ્નાણી, અનિલ ગુજરાતી, મુકેશ દાફડા, દિવ્યા પારીયા, મયુરીબેન વઘેરાએ કાર્યક્રમની સફળતા માટે સહયોગ આપ્યો હતો. વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કાર અને પ્રમાણપત્રો અપાયા હતા અને જીલ્લા અધ્યક્ષ યોગીનભાઈ છનીયારા દ્વારા વિદ્યાર્થીઓને લીંબુ પાણીનું વિતરણ કરાયું હતું. ભારત - તિબ્બત સંઘના ગુજરાત પ્રાંત- અધ્યક્ષ ભાવેશભાઈ જોષી, ડો. વિજય પીઠડીયા, ડો.અર્જુન દવે, ડો.નિખીલ ભટ્ટ, પી.ડી. ઠાકર સહિતનાએ શુભેચ્છા પાઠવી હતી.(૨.૧૨)

# પંચાયત ચોક નજીક રાહદારી વિદ્યાર્થીનીઓને પડતી મુશ્કેલીઓ દૂર કરો





## એનએસયુઆઈ દ્વારા પો.કમિશનરને રજૂઆત કરાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩

એનએસયુઆઈ દ્વારા પોલીસ કમિશનરને રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવ્યું છે કે, યુનિવર્સિટી રોડ પર પંચાયત ચોક નજીક આવેલા પ્રજ્ઞેશ મેડિકલથી ચંદ્રમૌલેશ્વર મંદીર તરફ જતા રસ્તા પર પાનગલ્લાઓ અને ચા-પાણીની હોટલો આવેલી છે જેથી ત્યાં આવતા ગ્રાહકો રસ્તા પર જ ટુ વ્હીલરો-ગાડીઓ લાંબા સમય સુધી ઉભી રાખતા હોય છે અને રોડ પર દબાણરૂપ હોટલધારકોના ટેબલો - મંડપ અને લોકોનો ટ્રાફિક પણ ખુબ હોય છે. તેમજ સાંકડા રસ્તો હોવાથી અહીંયા લોકોનો કિડીયામણના લીધે સ્વાભાવિક ત્યાંથી પસાર થતાં રાહદારીઓને મુશ્કેલીઓ ઉદભવતી હોય છે.

અત્રે ઉલ્લેખનીય છે આ રસ્તા પરથી પટેલ કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓને પગપાળાથી લે- કોલેજ જવા માટે એક વૈકલ્પિક માર્ગ છે અને નજીક આવેલી ધોળકીયા સ્કુલ-અનેક કલાસીસના વિદ્યાર્થીઓ માટે મુખ્યમાર્ગ તરીકે ઉપયોગમા લેવાય છે. ખાસ કરીને વિદ્યાર્થીનીઓને આ રસ્તા પરથી પસાર થાય છે ત્યારે પાનગલ્લાઓ-ચાની હોટલો નજીક રસ્તા પર દબાણરૂપ વ્હીકલો ઉભા રાખી તેના પર અને દીવાલની પાડ પર બેસતા અમુક લોકોના લીધે ઘણીખરી વાર ટીખળ-કોમેન્ટસનો ભોગ બનતા હોવાથી આ રસ્તા પર નીકળતી અનેક વિદ્યાર્થીનીઓ અચકાટ અનુભવતી હોવાથી તેમને અન્ય રસ્તાઓ પરથી પસાર થવાની મજબૂરી અનુભવતી હોય છે. ભવિષ્યમાં આ બાબત ગંભીરતાપૂર્વક ધ્યાને નહીં લેવામાં આવે તો વિદ્યાર્થીનીઓ છેડતીનો ભોગ બને તેવી શક્યતાઓ છે.

ઉપરની તમામ બાબતો કોઈ ધંધાર્થીને નડતરરૂપ બનવા માટે નહી પરંતુ વિદ્યાર્થીનીઓની ફરીયાદો અને રાહદારીઓની વાસ્તવિક મુશ્કેલીઓનો આધારે આપને ધ્યાન દોર્યું છે . આશા રાખી કે આ બાબતો ધ્યાને રાખી યોગ્ય નિરાકરણ ગુજરાત એનએસયુઆઈ મંત્રી મીત પટેલ અને જીલ્લા પ્રમુખ રોહિતસિંહ રાજપૂતે જણાવ્યું છે.

### દીકરો-દીકરી એક સમાન હોવાનો પ્રેરણારૂપ સંદેશ આપ્યો

# ઉપલેટામાં દીકરીઓએ કરી પિતાની અંતિમવિધિ



**(આશિષ લાલકીયા દ્વારા)**

## દિવંગત ગૃહસ્થની દીકરીઓ અને બહેન દ્વારા અર્થીને કાંધ આપીને સ્મશાને જઈ અગ્નિદાહ પણ આપ્યો

ઉપલેટા, તા.૩

ઉપલેટા શહેરમાં રહેતા ૬૧ વર્ષીય જમનભાઈ ઉકાભાઈ મુરાણીનું અવસાન તેઓને સંતાનમાં કોઈ દીકરો ન હોવાથી તેમની અંતિમ વિધિ એટલે કે કાંધ તેમજ અગ્નિદાહ બહેન તેમજ તેમની દીકરીઓએ આપી સમાજમાં એક સંદેશો ફેલવાયો છે કે દીકરો-દીકરી એક સમાન હોઈ છે અને દીકરીઓ પણ દીકરાઓની જેમ ઉભી રહીને માવતર પ્રત્યેની ફરજો પૂરી કરી શકે છે. ગૃહસ્થ જમનભાઈનું બીમારી સબબ અમદાવાદ ખાતે અવસાન થયું હતું. બાદમાંતેમના નિવાસ સ્થાને તેમની અંતિમ વિધિ કરવામાં આવી હતી. જેમાં કાંધ તેમની બહેન અને દીકરીઓએ આપી હતી અને સ્મશાનમાં પણ તેમને અગ્નિદાહ તેમની બહેન અને દીકરીઓ દ્વારા આપવામાં આવ્યો હતો. જેમાં અવસાન પામનારની બહેન કવિતાબેન યોગેશભાઈ કપૂપરા-અમદાવાદ, દીકરીઓમાં રચનાબેન જીતભાઈ કોટડીયા-સુરત, આરતીબેન વિપુલભાઈ ઉષદડિયા-જેતપુર, જીનીયાબેન ગિરિશભાઈ ડોબરિયા-રાજકોટ વાળાઓ દ્વારા અવસાન પામનારને અંતિમ વિદાય આપીને વિધિ કરવામાં આવી હતી.

ઉપલેટા શહેરમાં અગાઉ પણ અવસાન પામનારના પિતાનું આજથી છ વર્ષ પહેલા અવસાન થયું હતું ત્યારે અવસાન પામનાર અપંગ હોવાથી ત્યારે પણ તેમને આવી જ રીતે કાંધ આપીને તેમની પણ આવી જ રીતે અંતિમવિધિ કરવામાં આવી હતી ત્યારે સમાજમાં પણ આવી રીતે દીકરીઓએ પણ પિતાના અવસાન બાદ દીકરીઓ તરીકે કાંધ આપીને સમાજમાં પણ નવા વિચારોનું વાવેતર કરીને સમાજમાં દાખલા સમાન કર્યો કરવા જોઈએ તેવું જણાઈ આવે છે.

# ચેક રિર્ટનના બે કેસમાં ફિલ્મ ઈન્ડ્રસ્ટીઝના જાણીતા નિર્માતા નિર્દેશક રાજકુમાર સંતોષીને નીચેની કોર્ટે કરેલ સજાને સ્ટે કરવાનો સેસન્સ કોર્ટનો હુકમ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**



એડવોકેટ: અજય જોશી



એડવોકેટ: રાજકુમાર સંતોષી

રાજકોટ, તા.૩

ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના જાણીતા નિર્માતા અને નિર્દેશક રાજકુમાર સંતોષી પર રાજકોટની અદાલતમાં ચેક રિર્ટનના બે કેઈસો કરવામાં આવેલ હતા. જેમાં ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલી સજાની સામે થયેલ અપીલ સેશન્સ કોર્ટ દ્વારા જામીન મંજુર કરી અપીલ ચાલતા સુધી સ્ટે આપવામા આવેલ છે.

સદર કેસની વધુ વિગત એવી છે કે, રાજકોટના એક ફિલ્મ નિર્માતા દ્વારા રાજકુમાર સંતોષી સાથે વર્ષ ૨૦૧૦ માં નાણાંકીય વ્યવહારો થયેલા અને જે વ્યવહારો પુરા પણ થઈ ગયેલા છે તેવું પણ રેકર્ડ પર આવેલ અને ત્યારબાદ વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માં ફરી નવા વ્યવહારોની વાત લાવી અને રાજકોટની પેઢી દ્વારા રાજકુમાર સંતોષી પર કેસ દાખલ કરવામા આવેલ અને જે વ્યવહારો ફિલ્મ યુવા, બીન બુલાયે બારાતી જેવા જે તે સમયના તત્કાલીન ફિલ્મ પ્રોડકશનના સંદર્ભમાં હતા. નીચેની અદાલતમાં કેસ ચાલ્યા બાદ બંને કેસોમાં મુળ રકમ જેટલું વળતર અને સજાનો હુકમ આપવામાં આવેલો જે સજાના હુકમ સામે રાજકુમાર સંતોષી પર પોતાના એડવોકેટ અજય કે. જોષી દ્વારા અપીલ દાખલ કરવામા આવેલ અને રાજકોટની સેશન્સ કોર્ટ માનનીય પ્રશાંત જૈનની કોર્ટમાં અજય કે. જોષીએ પોતાની ધારદાર દલીલ કરતા એવી રજૂઆત કરેલ કે હાલના કેસમાં કોઈ જ વજુદ નથી અને ટ્રુનયલ કોર્ટ દ્વારા કરવામા આવેલ પુરાવાના મુલ્યાંકનમાં ગંભીર પ્રકારની શ્રતીઓ રહી ગયેલ છે અને આ પ્રકારની વિસ્તૃત અને લંબાણ પૂર્વકની દલીલો સાંભળી પ્રશાંત જૈન સાહેબ દ્વારા ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમને અપીલ ચાલતા સુધી જામીન આપવાનો તથા સજાનો હુકમ સ્ટે કરવાનો હુકમ ફરમાવવામાં આવેલ. આ કેસમાં રાજકુમાર સંતોષીના એડવોકેટ અજય કે. જોષી, અશ્વિન મહાલીયા, પ્રિયાંક જે. ભટ્ટ, પ્રદિપ આર. પરમાર રોકાયેલ હતા.

# અમદાવાદ ખાતે સમસ્ત મહાજન સંસ્થાનું નવા કાર્યાલયનું શુક્રવારે ઉદ્દ્ઘાટન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩

સંસ્થા સમસ્ત મહાજનનાં અમદાવાદ ખાતે નવા કાર્યાલયનું ઉદઘાટન આગામી શુક્રવારના રોજ સવારે ૧૦ વાગ્યાથી ૫ વાગ્યા સુધી સંસ્થાના નવા કાર્યાલય B/108, સનવેસ્ટ બેન્ક,વલ્લભ સદન પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૯ ખાતે રાખેલ છે. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના પ્રધાનો, શ્રેષ્ઠીઓ, દાતાઓ, કાર્યકર્તાઓ પધારશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સમસ્ત મહાજનનાં ટ્રસ્ટી મંડળ દ્વારા જાહેર આમંત્રણ આપાયું છે. વિશેષ માહિતી માટે ગિરીશભાઈ શાહ (મો. ૯૮૨૦૦ ૨૦૯૭૬), અશોકભાઇ (મો.૯૮૨૫૦ ૭૨૯૩૯), ખુશ્બુબેન (મો.૯૮૨૫૮ ૬૦૮૬૫) નો સંપર્ક કરવા મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯) ની યાદીમાં જણાવાયું છે.(૧૩.૧૬)

# વોલીબોલ સ્પર્ધામાં પ્રથમ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ: રાજય સરકાર દ્વારા આયોજીત ખેલમહાકુંભ અંતર્ગત જીલ્લા લેવલ વોલીબોલ સ્પર્ધા યોજાયેલ. જેમાં તપોવન સ્કૂલે અન્ડર-૧૪ જીલ્લા કક્ષામાં ભાઈઓએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ. તેમજ ૧૮ હજાર રકમ પ્રાપ્ત કરેલ છે. આ તકે તપોવન સ્કૂલે તેમજ રાઠોડ લાલજીએ અભિનંદન આપ્યા હતા.

# આગામી ૩-૪ દિવસ ગરમીમાં આંશિક રાહત રહેશે



રાજકોટ : છેલ્લા ઘણા દિવસથી આકરા તાપ સાથે ગરમીનો સામનો કરી રહેલા લોકો માટે થોડા રાહતના સમાચાર છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી આગામી ૩-૪ દિવસ ગરમીમાં આંશિક રાહત જોવા મળશે. છેલ્લા કેટલાક દિવસોથી જે મહત્તમ તાપમાન નોંધાઈ રહ્યું હતું તેના કરતા ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો જોવા મળશે. ગરમીનો પારો ૪૦ ડિગ્રી આસપાસ જ ઘૂમતો રહેશે. પદ્ગમિના પવન ફૂંકાશે. પવનનું જોર પણ રહેશે તો બફારો પણ વધશે. દરમિયાન તા.૪ મે ના બુધવારે દક્ષિણ આંદામાનના દરિયામાં એક સાયકલોનીક સરકયુલેશન બનનાર છે. જે તા.૬ના લો પ્રેશરમાં પરિવર્તિત થશે. આ સિસ્ટમ્સની સૌરાષ્ટ્ર - ગુજરાતમાં તો કોઈ અસર થશે નહિં પરંતુ દક્ષિણના રાજયો તેમજ આંદામાનના ટાપુ ઉપર વરસાદ પડશે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## સ્કૂલની છત તૂટતા ૪ બાળક ઘાયલ, ૧ને માથામાં ૮ ટાંકા

બાળકોને શાળાની લોબીમાં બેસાડ્યા હતા. અચાનક લોબીના સ્લેબના પોપડા નીચે બેઠેલા બાળકો પર પડતાં ૩ વિદ્યાર્થિની અને ૧ વિદ્યાર્થી મળી કુલ ૪ બાળકોને ઇજા પહોંચી હતી. બાળકોને માથા તેમજ પીઠના ભાગે ઇજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

## ભારત લોકલમાંથી હવે ગ્લોબલ બન્યું છેઃ મોદી

બની રહ્યું છે અને વિશ્વએ તેની નોંધ લીધી છે. આજે વિશ્વભરની દ્રષ્ટિએ ભારત સૌથી આગળ રહીને કામકાજ કરી રહ્યું છે અને અમોએ ભારતને એક સંકલ્પની જેમ રજુ કર્યુ છે. જેના કારણે ભારત તરફ જોવાની વિશ્વની દ્રષ્ટી જ બદલાઈ ગઈ છે અમે હવે દરેક દેશ સાથે સમાન ભાગીદારી ભણી આગળ વધી રહી છે.

## ગુજરાત સરકારે બીજી વખત ધો. ૧થી ૮માં માસ પ્રમોશન આપ્યું

આદેશની અમલવારી કરવી કે નહી તેની મૂંઝવણ દૂર થઇ છે. રાજ્યભરના ધોરણ-૧થી ૮ના કુલ-૫૧૨૫૯૦૫ વિદ્યાર્થીઓમાંથી જેને વાર્ષિક પરીક્ષા આપી હશે તેવા વિદ્યાર્થીઓને નાપાસ કરાશે નહી. જોકે ધોરણ-૧થી ૮ના ૫૧.૨૫ લાખ વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા શનિવારે પૂર્ણ થતાં ઉનાળુ વેકેશનનો પ્રારંભ થયો છે.

## નર્મદા સહિતના અનેક ડેમોમાં પાણી ઝડપથી ઘટવા લાગ્યા

સરખામણીએ ૬૧ એમસીએમ વધુ પાણી રહ્યું છે. સૌરાષ્ટ્રના જળાશયોમાં નર્મદાના પાણી ઠાલવવામાં આવ્યા હોવાથી જળસપાટી વધુ હોવાનું જણાવાઇ છે. સતાવાર રિપોર્ટમાં એમ જણાવાયું છે કે, રાજ્યનાં કુલ ૨૦૬ ડેમમાંથી એકમાત્ર આજી-૨માં ક્ષમતા કરતાં ૯૭.૧૯ ટકા પાણી છે. માત્ર ૬ ડેમમાં ૭૦ થી ૭૯ ટકા પાણી છે, આ છ જળાશયોમાં કચ્છનાં કાલાઘોઘા, સુરેન્દ્રનગરનાં ધોળીધજા, ગિર સોમનાથના રાવલ, જૂનાગઢના હસ્નાપુર, મહીસાગરના વણાંકબોરી, રાજકોટના આજી-૧ અને ભરુચનાં ધોળી ડેમનો સમાવેશ થાય છે. બાકીના ૧૯૮ જળાશયો પૈકી ૫૩માં ૩૦ થી ૪૯ ટકા પાણી છે. જ્યારે ૨૫ ડેમોમાં ૫૦ થી ૬૯ ટકા પાણી છે. ૫૪ ડેમોમાં ૧૦ ટકાથી પણ ઓછું પાણી છે. જ્યારે ૩૩ ડેમો તળિયાઝાટક છે. રાજ્ય સરકારે ૨૯ એપ્રિલની સ્થિતિએ છેલ્લા સાત દિવસમાં દક્ષિણ ગુજરાતના જળાશયોમાંથી ૩૫.૭૩ એમસીએમ પાણી છોડ્યું હતું જ્યારે સૌરાષ્ટ્રના ડેમોમાંથી ૮.૭૫ એમસીએમ,મધ્ય ગુજરાતમાં ૭.૪૦ એમસીએમ, ઉત્તર ગુજરાતમાં ૧.૫૩ એમસીએમ અને કચ્છમાં ૦.૮૫ એમસીએમ પાણી છોડવામાં આવ્યું હતું.

## હવેથી ત્રીજા, પાંચમા અને આઠમા પણ બોર્ડ જેવી પરીક્ષાઓ લેવા વિચારણા

પરંતુ તે પ્રાદેશિક સ્તરે કોઈપણ એક સત્તાધિકારીની મદદથી લેવામાં આવશે, જેથી નિષ્પક્ષતા પણ જળવાઈ રહે. નવી નેશનલ એજયુકેશન પોલીસી અનુસાર શાળા શિક્ષણનું માળખું ઘડવામાં આવ્યા બાદ સરકારે આ યોજના પર કામ શરૂ કર્યું છે. આ શાળામાં ૧૦+૨ની પેટર્નથી ૫+૩+૩+૪માં બદલાવ આવ્યો છે. આમાં પ્લે સ્કૂલનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પ્લે સ્કૂલ હજુ શાળાના અભ્યાસનો એક ભાગ નહોતો.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

બે બાઇકમાં રાત્રીના સાડા અગીયાર આસપાસ ત્રિકોણબાદ પાસે આવેલ મચ્છો ધણી હોટલ પાસે ગયેલ ત્યા અરૂણ સોની તથા તેનો ભાઇ અનિલ સોની (બન્ને રહે.રામ કૃષ્ણ આશ્રમ સામે રાજેશ્વરી કોમ્પ્લેક્ષ યાજ્ઞનીક રોડ) તથા બીજા અજાણ્યા ચાર પાંચ માણસો ત્યા ઉભેલ હતા અને મે ત્યાં પહોંચીને અરૂણને આ બાબતે સમાધાન કરવા માફી માંગવાનું કહેલ જેથી અરૂણ મને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગેલ અને અરૂણ તથા અનીલ મારી સાથે ઝપાઝપી કરવા લાગેલ હતા અને બાદમાં હું તથા મારો ભાઇ દીનેશ ત્રમટા આ બન્ને જણાને ઝઘડો ન કરવા કહેતા તેમ અરૂણ માન્યો નહીં. જેથી મે મારી પાસે રહેલ ધાતુ નું પંચીયુ હાથમાં પહેરીને અરૂણને મોઢાના ભાગે મારેલ અને ત્યાં અરૂણે પણ પોતાના નેફા માથી છરી કાઢેલ અને મને ડાબા હાથની કોણીમાં છરીનો એક ઘા ઝીંકી દીધો હતો.બાદમાં ઝપાઝપી માં ડાબા હાથની આંગળીમાં પણ છરી લાગી હતી.અરૂણે મને માથા ના ભાગે છરીનો હાથો મારી દીધો હતો.મારી સાથે રહેલ દીનેશ ત્રમટા મને છોડાવવા ગયેલ અમારી સાથે રહેલ જય વિશ્વકર્મા તથા યોગેશ પણ આ અરુણ તથા તેના ભાઇ અનીલને ઝઘડો ન કરવા સમજાવેલ અને અમોને છોડાવ્યા હતાં.ત્યારબાદ મને સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. સમાપક્ષેની ફરિયાદમાં અરૂણ પુરણભાઇ સોની(નેપાળી)(ઉ.વ.૧૯)એ ફરિયાદમાં રોહિત વિશ્વકર્મા,દિનેશ ટમટા,યોગેશ ઉર્ફે લાલો કોળી અને જય વિશ્વકર્માનું નામ આપતા તમામ સામે કાર્યવાહી કરવામાં આવી છે.અરુણે ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું પેટ્રોલપંપ ભીલવાસ ખાતે પ્રેટ્રોલ પુરાવા ગયેલ હતો ત્યારે મારી સાથે મારી ફ્રેન્ડ અરૂણા મારી સાથે હતી તે દરમ્યાન ત્યા પ્રેટ્રોલપંપ ખાતે રોહીત વિશ્વકર્મા આવેલ અને અરૂણાને તેની ગાડીમાં બેસી જવા કહેલ જેથી અરૂણા એ આ રોહીતની સાથે જવાની ના પાડેલ અને હું પેટ્રોલ પુરાવી અને આવતા મે આ રોહીતને કહેલ કે અરૂણા મારી સાથે આવશે તેમ કહેતા આ રોહીત એકદમ ઉશ્કેરાઇ ગયેલ અને મારી સાથે બોલાચાલી ઝગડો કરવા લાગ્યો હતો અને ઝપાઝપી કરવા લાગેલ અને બાદ માં હું ત્યાથી અરૂણાને લઈને જતો રહ્યો હતો. રહેલ બાદ મા મારા મોટાભાઇ અનીલને વાત કરતા આ અનીલે રોહીતને ફોન કરી અને સમાધાન માટે સમજાવેલ અને ત્રિકોણબાગ ખાતે આવવા માટે કહેલ જેથી ત્યાં રોહિત,યોગેશ ઉર્ફે લાખો,દિનેશ જય આવી ગયા હતા અને ત્યાં આ લોકોએ બોલાચાલી કરી છરી અને પાંચ વડે હુમલો કર્યો હતો.ત્યારબાદ ત્યાં માણસો ભેગા થઈ જતા આરોપીઓ નાસી ગયા હતા.આ અંગે એ ડિવિઝન પોલીસ મથકના પીઆઇ સી.જી.જોશી અને ડિસ્ટાફના પીએસઆઈ જે.એમ.ભટ્ટ સહિતના સ્ટાફે સીસીટીવી ફુટેઝના આધારે ચારેક આરોપીઓને સકંજામાં લઈ પૂછપરછ આદરી છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## મુઝફ્ફરનગરમાંથી ૭૫૫ કરોડની કિંમતનું ૧૫૫ કિલો હેરોઇન જપ્ત

થોડા દિવસો પહેલા અરબી સમુદ્રના ગુજરાત કિનારેથી ૨૮૦ કરોડના હેરોઈન સાથે નવ પાકિસ્તાની નાગરિકો ઝડપાયા હતા. જોશીએ પત્રકારોને જણાવ્યું હતું કે, નઝૈદીએ મુઝફ્ફરનગરમાં તેની બહેનના ઘરે હેરોઈન છુપાવ્યું હોવાની સૂચનાના આધારે, અઝજ અધિકારીઓએ દિલ્હી અને ગ્ડ પોલીસની મદદથી દરોડા પાડ્યા અને ૭૫૫ કરોડ રૂપિયા એકત્ર કર્યા. ૧૫૫ કિલો હેરોઈન જપ્ત કરવામાં આવ્યું. અમે ૫૫ કિલો રાસાયણિક પદાર્થ પણ જપ્ત કર્યો છે જે માદક દ્રવ્યો બનાવવા માટે વપરાતો કાચો માલ હોવાની શંકા છે. ભારતીય કોસ્ટ ગાર્ડ અને એટીએસએ ૨૫ એપ્રિલે નવ ક્રૂ મેમ્બર્સને લઈને પાકિસ્તાની યાટને અટકાવી હતી. બોટમાંથી ૨૮૦ કરોડની કિંમતનું ૫૬ કિલો હેરોઈન જપ્ત કરવામાં આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે કરાચી સ્થિત દાણચોર મુસ્તફા આ ગેંગ પાછળ છે અને આ કન્સાઈનમેન્ટ ઉત્તરના કોઈ રાજયમાં મોકલવાનું હતું. આ પછી, એટીએસ અને એનસીબીએ ઘણી ટીમો બનાવી અને ૨૭ એપ્રિલે ઉત્તર પ્રદેશ અને દિલ્હીથી ચાર લોકોની ધરપકડ કરી. મુઝફ્ફરનગરમાંથી ૩૫ કિલો અને દિલ્હીના જામિયા નગરમાંથી ૫૦ કિલો હેરોઈન પણ જપ્ત કર્યું છે. હાલ ઝૈદી ગઈઇ-દિલ્હીની કસ્ટડીમાં છે. જોશીએ કહ્યું કે હાલમાં ગુજરાત અઝજ પાસે ઝૈદીના ગુનાહિત પૃષ્ઠભૂમિ વિશે વધુ માહિતી નથી.

## દેશમાં કોલસાની અછતથી ઘેરાતું વીજસંકટ

કોલસા સંકટ દરમિયાન ૨૯ એપ્રિલે વીજળીની માંગ વધીને ૨૦૭ ગીગાવોટ થઈ ગઈ હતી. ૨૮ એપ્રિલે આ માત્ર ૧૮૩ ગીગાવોટ હતી એક વર્ષ પહેલા પીકમાં વીજળીની માંગ ૧૮૩ ગીગાવોટ હતી. દેશમાં ૧૨ એપ્રિલે ૧૦૦ મીલીયન યુનિટ વીજળીનું સંકટ હતું જે ૨૯ એપ્રિલે અર્થાત ૧૭ દિવસમાં ૨૧૪.૧૨ મિલિયન યુનિટ થઈ ગયું હતું. પીકમાં ૨૯ એપ્રિલે કુલ ૮૧૨૦ મેગાવોટ વીજ સંકટ રહ્યું હતું.

# ટિકિટોનું એડવાન્સ બુકિંગ થતા એસ.ટી. નિગમને ૩૪.૪૯ કરોડની આવક : એસટી બસોમાં મુસાફરોનો ધસારો



અમદાવાદ તા. ૩

લગ્નગાળો, ઉનાળું વેકેશન, કોરોનાની અસર ઓછી થવી સહિતના કારણોસર એસટી એસ.ટી.બસો હાલમાં હાઉસફૂલ જઇ રહી છે. તા.૧ મે ના રોજ એક જ દિવસમાં ૬૫,૨૦૧ સીટો બુકિંગ થઇ હતી. જેના થકી એસ.ટી. નિગમને ૧.૩૩ કરોડની જંગી આવક મળી હતી. ટિકિટ બુકિંગ અને આવકનો આ આંકળો છેલ્લા કેટલાક મહિનાઓમાં સૌથી હાઇએસ્ટ છે. ગત વર્ષે આજ તારીખે ફક્ત ૧૦,૬૦૯ ટિકિટ બુક થઇ હતી અને તે પેટે નિગમને ફક્ત ૨૨.૭૬ લાખની આવક મળી હતી.

ઉનાળા વેકેશનની શરૂઆત સાથે જ ગુજરાતની એસ.ટી.બસોમાં એડવાન્સ ટિકિટ બુકિંગમાં એકાએક નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ગત એપ્રિલ માસમાં ૧૭,૧૧,૫૩૪ સીટો એડવાન્સ બુક મુસાફરોએ કરાવી હતી. જેના થકી નિગમને ૩૪.૪૯ કરોડ જેટલી રકમની આવક મળી હતી.

એપ્રિલમાં બુક થયેલી ટિકિટોમાંથી આકસ્મીક કારણોસર ૮૭,૦૦૭ ટિકિટ મુસાફરોએ રદ્દ કરાવી હતી જે થકી નિગમને ૧.૬૫ કરોડની રકમનું રિફંડ પણ ચુકવી દીધું છે. એડવાન્સ ટિકિટ રિઝર્વેશન પેટે નિગમને એપ્રિલ માસમાં જ ૮૩,૬૯,૨૭૦ રૂપિયાની આવક થવા પામી હતી.

એપ્રિલ માસના છેલ્લા અઠવાડિયાથી એડવાન્સ બુકિંગમાં વધારો થયો છે. જાણવા મળતી માહિતી મુજબ કોરોનાકાળ બાદ આ

**એપ્રિલ માસના છેલ્લા અઠવાડિયાથી એડવાન્સ બુકિંગમાં વધારો**

સૌથી વધારે ટિકિટ બુકિંગ જોવા મળી રહ્યું છે. છેલ્લા બે વર્ષમાં કોરોનાના કારણે લોકો ઘરની બહાર નીકળવાનું ટાળતા હતા હવે જયારે કોરોનાની ખૂબ જ ઓછી અસર જોવા મળી રહી છે તેવામાં લોકો હવે ડર રાખ્યા વગર ઘરની બહાર નીકળી રહ્યા છે. સહપરિવાર મુસાફરી કરી રહ્યા છે.

આ ઉનાળા વેકેશનના ગાળામાં મુસાફરો મનગમતા સ્થળોએ ફરવા જવાનો પ્લાન પણ બનાવી ચૂક્યા છે.

## રાજયના ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ચણાની ખરીદી માટે વધારાનો જથ્થો મંજૂરઃ કૃષિ મંત્રી



અમદાવાદ, તા.૩

કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજ્યના ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ચણાના વધારાના જથ્થાની ખરીદી કરવા માટે રાજ્ય સરકારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર ને દરખાસ્ત કરી હતી. તેને કેન્દ્ર સરકારે મંજૂર કરી છે.

કૃષિમંત્રીએ ઉમેર્યું કે,રાજયમાં ચણાનુ મબલખ ઉત્પાદન થયું હતું. તેને ધ્યાને લઇને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ખેડૂતોના હિતમાં વધારાના જથ્થાની ખરીદી કરવા માટે દરખાસ્ત કરી હતી. તેને કેન્દ્ર સરકારે મંજુર કરીને ગુજરાતને આ વધારાના જથ્થાની ફાળવણી કરવામાં આવી છે.

તેમણે ઉમેર્યું કે, અગાઉ રાજ્યમાં ટેકાના ભાવે ચણાની ખરીદી માટે ભારત સરકારએ ૪,૬૫,૮૧૮ મે. ટન ચણાની ખરીદી માટે મંજૂરી આપેલ. તે પ્રમાણે રાજ્યમાં તા.૧/૩ થી સમગ્ર રાજ્યમાં ખેડૂતો પાસેથી ચણાની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવેલ. ચણાની ખરીદી માટે નોંધાયેલ કુલ ૩,૩૮,૭૭૭ ખેડૂતો પૈકી આજદિન સુધી ૨,૬૫,૦૨૯ ખેડૂતોને તક આપી કુલ ૪,૨૩,૬૭૫ મે.ટન ચણા ની ખરીદી કરવામાં આવેલ છે. જેનો ખેડૂતોમાં ખૂબ જ સાનુકૂળ પ્રતિભાવ જોવા મળ્યો છે અને ખેડૂતો હર્ષની લાગણી અનુભવી રહ્યા છે.

કૃષિમંત્રીએ ઉમેર્યુ કે,રાજ્યમાં નોંધણી થયેલ તમામ ખેડૂતોને તેઓના ચણાની ટેકાના ભાવે વેચાણ કરવાની તક મળી રહે તે માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને ચણાના વધારાના જથ્થાની ફાળવણી માટે વિનંતી કરતા, કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના ખેડૂતોના હિતમાં ચણાનો જથ્થો વધારી કુલ ૫,૩૬,૨૨૫ મેટ્રિક ટનની મંજૂરી આપવામાં આવી છે.

**નરેશ પટેલ રાજકારણમાં જોડાશે કે કેમ?**



**૧૧મી એ અરવિંદ કેજરીવાલ રાજકોટમાં, 'આપ' દ્વારા તડામાર તૈયારીઓ**



# છારોડી ગુરૂકુળમાં સત્સંગીજીવન કથાનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

છારોડી એસ.જી.વી.પી. ગુરૂકુળના યજ્ઞ અનુષ્ઠાન પ્રિય,પુરાણી સ્વામી ભક્તિપ્રકાશદાસજી ધામમાં જતા તેમની પવિત્ર સ્મૃતિમાં તા. ૨ સોમવાર થી ૮ રવિવાર સુધી, સવારે ૯ થી ૧૧:૩૦ અને સાંજે ૪ થી ૬:૩૦ દરમ્યાન ગુરુકુલના અધ્યક્ષ શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામીના વ્યાસ પદે સત્સંગીજીવનની કથા રાખવામાં આવેલ છે. તા.૨ સોમવારે પોથી યાત્રા,તા.૫ ગૌપૂજન તા.૬ અન્નકૂટોત્સવ, તા.૭ આચાર્ય મહારાજના આશીર્વાદ, તા.૮ ગોપીનાથજી મહારાજના સાનિધ્યમાં રાજોપચાર પૂજન, તા.૬ દરમ્યાન દરરોજ મહાવિષ્ણુયાગ રાખવામાં આવેલ છે. કથા દરમ્યાન ગોપીનાથજી મહારાજને ચંદનના વાઘા, નિત્યથાળ, સંતોનેર સોઇ ગુરુકુલ પરિવાર તરફથી રાખવામાં આવેલ છે.









**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

## જસદણના આટકોટમાં નવનિર્માણ પામેલ હોસ્પિટલને આવકારતાં આગેવાનો



(હુસામુદ્દીન કપાસી દ્વારા)

જસદણ, તા.૩

જસદણ તાલુકાના આટકોટમાં પટેલ સેવા સમાજ સંચાલિત ૨૦૦ બેડની કે.ડી. પરવાડીયા મલ્ટીસ્પેશિયાલીસ્ટ અદ્યતન હોસ્પિટલ આગામી માસના લગભગ એન્ડમાં ખૂલ્લી મૂકવામાં આવી રહી હોવાથી આ હોસ્પિટલથી આજુબાજુના ત્રણેય તાલુકાના દર્દીઓને ફાયદો થશે એમ જણાવી હોસ્પિટલના મેનેજિંગ ટ્રસ્ટી ડો.ભરતભાઈ બોઘરા અને તમામ ટ્રસ્ટીગણના આ મહાન પગલાંને જસદણ નગરપાલિકાના પ્રમુખ અનિતાબેન અલ્પેશભાઈ રૂપારેલિયા અને જસદણ શહેર યુવા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ વિજયભાઈ જેન્તીભાઈ રાઠોડ એ આવકાર્યું હતું. ૨૦૦ બેડની આ હોસ્પિટલમાં ગરીબ લોકોની રાહતદરે સારવાર થશે તેથી લોકોને દૂર સુધી જવું નહીં પડે એમ બન્ને આગેવાનોએ જણાવી આ પગલાંને સમયસરનું ગણાવ્યું હતું.

### યુવા સેના ટ્રસ્ટ અને મેરીગોલ્ડ પરિવારનું આયોજન

## શ્રી રાંદલ માતાજીના લોટા ઉત્સવની ભાવભેર ઉજવણી

**ગોરણી સ્વરૂપે ૮૦૦ થી વધુ બાલિકાઓને ભોજન પ્રસાદ કરાવીને આકર્ષક ભેટ પણ અપાઈ**



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

યુવા સેના ટ્રસ્ટ દ્વારા મેરીગોલ્ડ પરિવારનાં આંગણે રાંદલ માતાના લોટા ઉત્સવનો ભવ્ય ધાર્મિક કાર્યક્રમ તા.૧-૫ રવિવારના રોજ આનંદ ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો હતો. મા રન્નાદે સ્વરૂપ ૮૦૦ થી વધુ ગોરણીઓને ભોજન પ્રસાદ તેમજ ગીફ્ટ આપવામાં આવી હતી. જેમાં કુંવારીકા તથા સુહાગન બહેનોને માતાજી સ્વરૂપે ગોરણી કરી પગ ધોવામાં આવ્યા તેમજ લ્હાણી આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા યુવા સેના ટ્રસ્ટના કાર્યકર્તાઓ તેમજ સ્ટાફ મેમ્બર્સ તેમજ મેરીગોલ્ડ પરિવારના તમામ સભ્યોએ ખુબજ જહેમત ઉઠાવી અને સફળતાપૂર્વક માતાજીના લોટા તેડવાનો કાર્યક્રમ સંપન્ન થયો હતો. જેમાં યુવા સેના ટ્રસ્ટના સેવાભાવી કાર્યકર્તા તેમજ યુવા સેનાના સ્ટાફ મેમ્બર સોનલબેન વાછાણી સફળતાપૂર્વક કાર્યક્રમ પુર્ણ કરવામાં સહભાગી થયા હતા. તેમને શુભેચ્છાઓ તથા અભિનંદનની વર્ષા રહી છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા અનોખો સેવા પ્રકલ્પ

**રૈયાધાર પાસે સ્લમ વિસ્તારમાં જઈને બાળકોને શિક્ષણ, સંસ્કાર અને સંસ્કૃતિ પ્રત્યે જાગૃત કરવા માટેનો પ્રયાસ કરાયો**



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

ગુજરાત રાજ્ય સ્થાપના દિવસે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા રાજકોટના રૈયાધાર પાસે આવેલ મારવાડી સેવા બસ્તીમાં જઈને વીઝડમ ઓન વ્હીલ્સના માધ્યમથી ત્યાંના બાળકોને શિક્ષણ, સંસ્કૃતિ અને સંસ્કાર પ્રદાન કરવાનું કાર્ય કરવામાં આવેલ હતું.

સાથે સાથે અભ્યાસ ન કરતા બાળકોને શાળામાં પ્રવેશ માટે માહિતી અને પ્રોત્સાહન પૂરૂં પાડી તેઓને શિક્ષણનું મહત્વ સમજાવવામાં આવેલ હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ગીરીશભાઈ ભીમાણી એ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા શિક્ષણની સાથે સાથે સામાજીક ઉત્તરદાયિત્વના કાર્યો કરવામાં આવે છે. જયાં જન ત્યાં શિક્ષણ એ સૂત્રને ચરિતાર્થ કરવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા વીઝડમ ઓન વ્હીલ્સ અંતર્ગત શિક્ષણ સાથે વિવિધ પ્રવૃત્તિઓ સેવા બસ્તીમાં જઈને કરવામાં આવે છે.

આ પ્રસંગે AIIMS, રાજકોટના ડાયરેક્ટર અને જાણીતા તબીબ ડો. જીતેન્દ્રભાઈ અમલાણીએ જણાવ્યું હતું કે, છેવાડાના માનવીને શિક્ષણ મળે એ જ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો સંકલ્પ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ગુજરાત રાજ્ય સ્થાપના દિવસે આ બાળકોને ચોપડા, પેન્સીલ અને નાસ્તો અર્પણ કરી સેવાકાર્ય કરવામાં આવ્યું.આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના રાજકોટ મહાનગરના સંઘચાલક ડો. જીતેન્દ્રભાઈ અમલાણી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સૌરાષ્ટ્ર પ્રાંતના સહ વ્યવસ્થા પ્રમુખ નરેન્દ્રભાઈ દવે, રાજકોટ મહાનગરના સેવા પ્રમુખ ભરતભાઈ કુવારીયા, કેમેસ્ટ્રી ભવનના પ્રાધ્યાપક ડો. મનીષભાઈ શાહ, ભાસ્કરભાઈ રાવલ, ભરતભાઈ જોશી, જયપ્રકાશભાઈ ફુલારા, ટંકારીયાભાઈ ઉપસ્થિત રહ્યા હતા.(૧૩.૧૨)

### સાવરકુંડલાના દીતલા ગામે અબોલ પશુ સાથે બર્બરતા

# ઘણખૂંટને ટ્રેક્ટરની ટ્રોલીની પાછળ બાંધી બે કિ.મી. સુધી ઢસડ્યો





**ખેતીવાડીના પાકમાં નુકશાન કરાતો હોવાથી લીમડાના વૃક્ષ સાથે બાંધીને અત્યાચાર ગુજાર્યો, ૭ જેટલા શખ્સો તેમજ અન્ય ગામ લોકો સામે ફરિયાદ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

સાવરકુંડલાના દીતલા ગામે એક આખલા સાથે બર્બરતા આચવામાં આવી છે. ઘણખૂંટ દ્વારા ખેતીવાડીના પાકમાં નુકશાન કરાતું હોવાથી તેના ચારેય પગ બાંધી અને ત્યાર બાદ ટ્રેક્ટરની ટ્રોલી સાથે બાંધીને બે કિલો મિટર સુધી ઢસડી અને વાડીમાં લીમડાના વૃક્ષ સાથે બાંધી પશુ પ્રત્યે ક્રૂરતા આચરવા બદલ ચલાલા પોલીસ સ્ટેશનમાં ૭ જેટલા શખ્સો તેમજ અન્ય ગામ લોકો સામે ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી હતી.

દીતલા ગામના ૨૬ વર્ષીય રવિભાઈ જાગાભાઇ ત્રાડ વ્યક્તિ દ્વારા ચલાલા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવામાં આવી છે. તેમણે પશુ પ્રત્યે ક્રૂરતા આચરવા બદલ તેમના ગામના ૭ શખ્સો તેમજ અન્ય ગામના લોકો સામે ફરિયાદ નોંધાઈ છે.

તેમનો આરોપ છે કે ઘણખુંટ ખેતીવાડીમાં પાકને નુકશાન કરતો હોવાને કારણે સંજયભાઈ કરશનભાઇ ડોબરીયાના હવાલાવાળું ટ્રેક્ટર અને ટ્રોલી પાછળ ઘણખૂંટના ચારેય પગ બાંધી અને બાદમાં ઘણખૂંટને ટ્રેક્ટરની ટ્રોલી પાછળ બાંધી જીગ્નેશભાઈ મગનભાઈ ડોબરીયા, લાભુભાઈ કથીરિયા, રજનીભાઇ સાવલિયા, બચુભાઈ પાઘડાળ, રજનિકભાઈ કથીરિયા, મનસુખભાઇ ડોબરીયા તથા ગામના માણસો દ્વારા એક બીજાની મદદગારીથી ઘણખૂંટને બે કીમી સુધી ઢસડવામાં આવ્યો હતો અને ગંભીર ઈજાઓ કરવામાં આવી હતી. ત્યાર બાદ રમેશભાઈની વાડીએ લીમડા સાથે બાંધી અને બર્બરતા આચરવામાં આવી હતી. જેથી ચલાલા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી.

પોલીસે આ તમામ શખ્સો સામે પ્રાણી કુરતા નિવારણ અધિનિયમ સહિતની વિવિધ કલમો હેઠળ ગુન્હો નોંધી તમામ સંડોવાયેળ શખ્સો સામે કાર્યવાહી શરૂ કરી હતી.

### ભાજપ સરકારનો ખેડૂતોના હિતમાં પ્રશંસનીય નિર્ણય

# ખાતરની સબસીડીમાં વધારાને આવકારતા ડો.જયેશ બોઘરા

**ખાતરની ખરીદીમાં રૂા.૮૫૦ વધારે સબસીડી આપવા અને ડુંગળીના વેચાણમાં રૂા.૧૦૦ ની સહાયથી ખેડૂતોને રાહત**



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

રાજકોટ માર્કેટીંગ યાર્ડના ચેરમેન ડો.જયેશભાઈ બોઘરાએ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી ભાજપ સરકાર દ્વારા ખેડૂતો દ્વારા ખરીદવામાં આવતા ડીએપી ખાતરની સબસીડીમાં રૂ.૮૫૦.૦૦ નો વધારો તેમજ ડુંગળી પકવતા ખેડૂતોને એક બોરીએ રૂપિયા ૧૦૦.૦૦ ની સહાય આપવાના નિર્ણય આવકારતા જણાવેલ છે કે, ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા દેશમાં તેમજ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ રાજયમાં ખેડૂતો માટે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે અને જગતાત આ યોજનાઓનો લાભ લઈ સમૃધ્ધ બને તે માટે ભાજપ સરકાર દ્વારા અનેકાનેક પગલા લેવાઈ રહ્યા છે. રાજયની ભાજપ સરકારે ખેડૂતોને ખાતર મોઘુ ન પડે અને કેન્દ્ર સરકારે ખાતરનો ભાવવધારો ખાળવા માટે રાજય સરકાર દ્વારા ડીએપી ખાતરની સબસીડીમાં રૂ.૮૫૦ નો વધારો કરવામાં આવ્યો છે. ખેડૂતોને સહાયરૂપ થવા માટે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા યુરીયા ખાતરના ભાવમાં છેલ્લા કેટલાક વર્ષોથી કોઈ જ વધારો કરવામાં આવેલ નથી. પરંતુ આંતરરાષ્ટ્રીય બજારમાં ડી.એ.પી. અને એન.પી.કે. ખાતરના તેમજ કાચા માલમાં છેલ્લા કેટલાક સમયથી ઘણો વધારો થયેલ છે. પરિણામે ખાતરના ભાવમાં ખુબ વધારો જોવા મળેલ હતો. ત્યારે આ ભાવવધારાનો બોજ સીધો ખેડૂતો ઉપરના આવે તે માટે ભાજપ સરકાર દ્વારા ખાતરમાં હાલ મળતી સબસીડી રૂા .૧૬૫૦ પ્રતિ બેગ હતી. તેમાં વધારો કરી રૂા .૨૫૦૧ પ્રતિ બેગ કરવામાં આવેલ છે. પ્રતિ બેગ રૂા.૮૫૦ ની માતબર સબસીડીના વધારાથી રાજયના અનેક ખેડૂતોને થશે. રાજયના ડુંગળી પકવતા ખેડૂતોને પાક ના પૂરતા ભાવ મળતા ન હતા . જેને કારણે ખેડૂતોને આર્થિક મુશ્કેલીઓ ભોગવવી પડતી હતી. રાજયની ભાજપ સરકાર દ્વારા પ્રતિ બોરી દીઠ રૂા.૧૦૦ ની સહાય ચુકવવામાં આવશે. એપીએમસીમાં કુલ મળીને ડુંગળીની ૪૫ લાખ બોરીઓ વેચાણ માટે આવે તેવી સંભાવના હોય પ્રતિ બોરી દીઠ રૂપિયા ૧૦૦ ની સહાયથી બહોળી સંખ્યામાં ખેડૂતોને આનો લાભ મળશે.

ખેડૂતો માટે આ કલ્યાણકારી નિર્ણય બદલ રાજકોટ માર્કેટીંગ યાર્ડના ચેરમેન ડો. જયેશભાઈ બોઘરાએ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય રસાયણ ખાતર મંત્રી મનસુખભાઈ માંડવીયા, રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કૃષી મંત્રી રાઘવજીભાઈ પટેલ સહિતનાનો આભાર વ્યકત કર્યો હતો.

# હજરત અહેમદશાપીરનો ઉર્ષ મુબારક ઉજવવામાં આવશે

**હિન્દુ-મુસ્લિમ ભાઈ - બહેનોએ ઉપસ્થિત રહેવા સદર જુમ્મા મસ્જીદ ટ્રસ્ટની અપીલ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

હજરત અહેમદશાપીરની દરગાહ જે ચોધરી હાઈસ્કૂલ પાસે, ઉમેશ કોમ્પલેક્ષની બાજુમાં, હોસ્પિટલ ચોકની પાસે આવેલ છે.

તેમાં જનાબ હબીબભાઈ ગનીબાપુ કટારીયાના નિવાસ સ્થાને (સદર બજાર મેઈન રોડ, નિશાંત રેસ્ટોરેન્ટ) થી શોળ સાથે જુલુસના રૂપમાં સાંજે ૫-૩૦ વાગ્યે તા. ૪/૫ ના રોજ બુધવારે નિકળી હજરત અહેમદશાહપીરે પહોંચશે. ત્યારબાદ શોળ મઝાર પર ચડાવવામાં આવશે.

હજરત અહેમદશાપીરના જુલુસમાં ખાસ સદર જુમ્મા મસ્જીદના પેશ ઈમામ સાહેબ જ. હાજી અકરમબાપુ હાજરી આપશે. જ. હબીબભાઈ ગનીબાપુ કટારીયા, જ. રફીકભાઈ ઈશાકભાઈ દલવાણી, સાજીદભાઈ હાજી અ. રહેમાનભાઈ ખોખર, રફીકબાપુ બુખારી , યુસુફભાઈ સીદીકભાઈ બ્લોચ (મકરાણી), અજીતભાઈ જુણેજા, મહેબુબભાઈ બેલીમ, હાજી હુશેનભાઈ માંડલીયા, આસીફભાઈ બેલીમ, હાજી કાસમભાઈ લાખા, રીઝવાનભાઈ બેલીમ, ઈરફાનભાઈઠેબા, મુરાદભાઈ દલવાણી, શેખ યાસીનભાઈ, શેખ ઈમરાનભાઈ અને સદરના આગેવાનો સામેલ રહેશે. ગુસલ માટે મુંજાવર ઈમરાનશા શાહમદાર તેમજ જ. રફીકબાપુ રજાકમીયા બુખારી સંદલ ચડાવશે. તેથી દરેક હિન્દુ-મુસ્લિમ ભાઈઓએ અચુક હાજરી આપવા વિનંતી.

ઉપપ્રમુખ હબીબભાઈ ગનીબાપુ કટારીયા, અજીતભાઈ જુણેજા તેમજ ઈરફાનભાઈ ઠેબાની યાદીમાં જણાવ્યું છે.

## અવસાન નોંધ

જામખંભાળિયા મું. જામપરવાળા સ્વ. હિરજીભાઈ મેઘજીભાઈ મકવાણાના પુત્ર સ્વ, પ્રકાશભાઈ હીરજીભાઈ મકવાણા (ઉ.વ.૫૪) (સુખનાથ ટ્રેડર્સ વારા) તે હરીશભાઈના નાનાભાઈ, જીતેન્દ્રભાઈના મોટાભાઈ, જય, આયુષના કાકાનું તા.૩ને મંગળવારે અવસાન થયું છે. હરીશભાઈ- ૯૮૭૯૭ ૭૮૫૭૩, જીતેન્દ્રભાઈ- ૯૮૨૫૨ ૮૭૭૬૩



# મુસ્લિમ સમાજ દ્વારા ઇદ-ઉલ-ફિત્રની પરંપરાગત ઉજવણી

## મસ્જિદો-ઇદગાહોમાં ખાસ નમાઝ અદા કરી પરસ્પર એકબીજાને ગળે મળી ઇદની મુબારકબાદી પાઠવતા મુસ્લિમ બિરાદરો



**(અસલમ ખાન દ્વારા)**

રાજકોટ, તા. ૩

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં મુસ્લિમ સમાજ દ્વારા આજે ઇદ-ઉલ-ફિત્ર (રમઝાન ઇદ)ની કોમી એખલાસભર્યા વાતાવરણમાં પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી છે. આ પ્રસંગે સવારના મુસ્લિમ બિરાદરોએ ઇદગાહો મસ્જિદોમાં (ઇદ-ઉલ-ફિત્ર) (રમઝાન ઇદ)ની વિશેષ નમાઝ અદા કરી પરસ્પર એકબીજાને ગળે મળી ઇદની મુબારકબાદી પાઠવી હતી. તેમજ દેશના વિકાસ ભાઇચારા અને અમન શાંતિ માટે ખાસ દુઆ માંગી હતી. મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ શહેર અને આસપાસ વિસ્તારમાં આવેલી ઈદગાહ અને મસ્જિદોમાં એકસાથે નમાઝ અદા કરી એકબીજાને ઈદ મુબારકબાદી પાઠવી હતી. મુસ્લીમ બિરાદરોએ રમઝાન માસ દરમ્યાન ૩૦ દિવસ રોજા રાખી નેકી કરી પુણ્યનું ભાથું બાંધ્યા બાદ આજરોજ વિશેષ નમાઝ અદા કરવાની સાથે ઈદની ઉજવણી કરી હતી.

# ‘આત્મમંથન’

## મા..ૐ જેવો જ પવિત્ર એકાક્ષર...

ૐ પછી જો કોઈ એવો જ પવિત્ર શબ્દ હોય તો તે ‘મા’ છે. મા પોતાનું આખું આયખું પોતાના બાળકો માટે ખર્ચી નાખે છે.

આશ્ચર્ય એ વાતનું નથી, આ તો સદીઓથી થતું આવ્યું છે, સ્વભાવિક છે પણ આશ્ચર્ય તો ત્યારે થાય જ્યારે માને એનાં બદલામાં જાકારો મળે કે અપમાન મળે.

ક્યાં ઉણપ રહી જાય છે, સંસ્કારોમાં? ક્યાં ખામી રહી જાય છે ઉછેરમાં? કેમ આમ થાય છે? શા માટે ઘર સાચવતી, ઘર ની દરેક વ્યક્તિનાં ગમા - અણગમાનુ ધ્યાન રાખતી વ્યક્તિ અણગમાને જ લાયક બની જાય છે? શા માટે દોરા પર ઝુલતાં મોતી જ માન પામે છે, એને ઝુલાવનાર દોરાને એનાં ભાગનું સન્માન કેમ નથી મળતું? પોતાને ઘર - પરિવારની ધરી સમજતી સ્ત્રીના પગ નીચેથી ધરી તો ત્યારે ખસી જ જાય છે જ્યારે એનાં જ પેદાં કરેલા, મોટાં કરેલાં બાળકો એની જ સામે જીભ ચલાવે કે હાથ ચલાવે છે ત્યારે..

નવાઈ લાગે છે ને?

પણ આવું બને છે, સંસ્કૃત કહેવાતાં પરિવારોમાં, આજનાં સમયમાં..

જ્યાં સુધી એ મા પોતાના હોઠ બીંડિલા રાખે ત્યાં સુધી બધું અંકબંધ રહે છે જ્યારે એ મ્હોં ખોલે છે, પોતાની આપવીતી કહેવા માટે ત્યારે વિસ્ફોટ થાય છે.



**(મમતા પટેલ-મુંબઈ)**

પરિવાર વેરણછેરણ થઈ જશે એ બીકમાં બિચારી બધું સહ્યે જાય છે અને જે કાલ સુધી બે - ચાર બાળકોને મોટાં કરવાની ક્ષમતા ધરાવતી હતી એ મા ધીરે ધીરે અપમાનના ઘુંટડા પી પીને જર્જરિત અવસ્થામાં જીવતી એક અસક્ષમ સ્ત્રી બની જાય છે.

મા પ્રેમિકા જેટલી
સુંદર નથી હોતી,
ના એટલી
યુવાન હોય છે.
આપણામાં
જ્યારે સમજણ આવે
ત્યારે કહીએ છીએ
મા, તને કંઈ
સમજણ નથી પડતી.
સ્ત્રીઓના બે સ્તન વચ્ચેથી
પસાર થતાં રાજમાર્ગ પર
દોડી દોડીને હાંફી જઈએ
ત્યારે મા યાદ આવે છે.
અથવા
પ્રેમી - પતિ દ્વારા અપાતાં
પ્રલોભનથી ધરાઈ જઈએ
ત્યારે મા યાદ આવે છે.
ઈચ્છા થાય છે ત્યારે
કે માના વૃધ્ધ પડછાયામાં
બેસીને થોડો વિસામો લઈએ
અને ત્યારે ખ્યાલ આવે છે
કે નિસ્વાર્થ પ્રેમની મુર્તી
જેવી મા હવે રહી જ નથી..

અજ્ઞાત



હમણાં જ એક ભણેલી ગણેલી, કમાતી - ધમાતી સ્ત્રીને મળી, મુંઝાયેલી લાગી, વર્ષોના સંબંધ એટલે ખભે હાથ મૂકીને પુછી લેવાયું, ‘શું થયું છે ડિયર, કેમ આમ નંખાતી જાય છે?’ તમે માનશો નહીં એ મા બિચારી વહુંથી નહીં પણ પોતાની દિકરીથી જ પરેશાન હતી.

સાસુ - વહું ના સંબંધમાં જો આત્મિયતા ના રહે તો એટ લિસ્ટ ફોર્માલીટી તો રહે છે પણ જો મા - દિકરીનાં સંબંધમાં આત્મિયતા ના રહે તો તું તું - મેં મેં હદથી વધું વધી જાય છે. એક તરફ મા પોતાનો મા હોવાનો હક્ક જતાવે છે તો બીજી તરફ દિકરી, આ તો મમ્મી છે, એને તો કંઈ પણ કહી શકાય એવો રૂઆબ બતાવે છે.

વહું વિશે બહાર બોલી પણ શકાય પણ દિકરી વિશે બોલવું થોડું ભારે પડે, માનાં જ સંસ્કાર સામે આંગળી ચીંધાય, આવાં સમયે એક મા શું કરી શકે?

મને યાદ આવ્યું, તારો તો દિકરો પણ છે ને? મારાથી પુછાઈ ગયું,

‘હા, છે ને, એ તો પહેલા જ પોતાની પત્ની સાથે જુદો થઈ ગયો.’

અને તારો પતિ?

એ મારો હતો જ ક્યારે? એ યુવાન - કમાઉં દિકરીને જ સાથ આપે છે ઉલટું મને સાવ દબાઈને રહેવાની સલાહ આપે છે

હું એની આંખોની પાંપણો પર ઝુલતાં આંસુ જોઈ રહી.

એની સાથે કોફી પીને હું ઘરે તો આવી ગઈ પણ ક્યાંય સુધી આ વાતે મારો પીછો ના છોડ્યો, એક સ્ત્રી પતિ, પુત્ર અને પુત્રી હોવા છતાં લાચાર હતી, કદાચ એ પોતિકા લોકોથી જ દુ:ખી હતી.

એટલે થયું ચલો, આજે આ જ વિષય પર આત્મમંથન કરું અને કરાવું.

જે મા બે બાળકનું બાળપણ ઉછેરી શકે, કિશોરાવસ્થા સમજી શકે, યુવાની સાચવી શકે એ માનું ઘડપણ બે બાળક ભેગાં થઈને કેમ સાચવી નથી શકતાં?

આજનાં સમયમાં આ વિષય પર આત્મમંથન ખૂબ જ જરૂરી છે.

# રાજકોટ મનપાના ૧૦ કર્મચારીઓ નિવૃત



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩

### કોઇપણ પ્રશ્ન માટે તમારા માટે કોર્પો.ના દરવાજા હંમેશા ખુલ્લાઃ કમિશનર

મ્યુ.કમિશનર અમિત અરોરાએ સોમવારે મહાનગર પાલિકાના ૧૦ કમર્ચારીઓ નિવૃત થતા મોમેન્ટો આપી સન્માન કરી વિદાયમાન આપ્યું હતું. આ પ્રસંગે મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ ફરજ પરથી નિવૃત થતા તમામ કર્મચારીઓનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આવનારા દિવસોમાં જો કોઈપણ પ્રશ્નો હોય તો કોર્પોરેશનના દરવાજા આપના માટે હંમેશા ખુલ્લા જ છે. જે-તે શાખાના કર્મચારીના વડા પાસે અથવા મને ખુદ રૂબરૂ આવીને આપના પ્રશ્નો જણાવી શકો છો. માર્ચ-૨૦૨૨નાં છેલ્લા દિવસે નિવૃત્ત થયેલ સ્ટાફ એડી. સિટી એન્જી. એમ. આર. કામલીયા, ઇલેક્શન શાખાના સિની. કલાર્ક ચૌહાણ જયવર્ધન માધવભાઈ, ટેક્સ બ્રાન્ચના સિની. કલાર્ક ખાભોલીયા નીતિનકુમાર શિવશંકર, અર્બન મેલેરીયાના ફીલ્ડ વર્કર માંગર હાજી ઈશાભાઈ, માર્કેટ બ્રાન્ચના ડ્રાઈવર ગૌસ્વામી હિતેન્દ્રગીરી લાભુગીરી, આવાસના પટ્ટાવાળા રાઠોડ રમેશ રૂપાભાઈ, એસ્ટેટ બ્રાન્ચના પટ્ટાવાળા સિંધવ રમેશ નારણભાઈ, હેલ્થ બ્રાન્ચના પટ્ટાવાળા રાદડિયા ભૂપતભાઈ બધાભાઈ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના સફાઈ કામદાર ઝાલા મંજુલાબેન રૂડાભાઈ અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના સફાઈ કામદાર પરમાર હકુભાઈ વસંતભાઈ નિવૃત થયા છે.

# વોર્ડ નં.૨ અને ૮ માં ભાજપ દ્વારા વોર્ડના શકિત કેન્દ્ર ખાતે ટિફિન બેઠક યોજાઈ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ તમામ વોર્ડના શક્તિકેન્દ્રો ખાતે ટીફીન બેઠક યોજાઈ રહી છે ત્યારે શહેરના વોર્ડ નં.૨ અને ૮ માં ભાજપ દ્વારા ટિફિન બેઠક યોજાઈ હતી. આ તકે વોર્ડ નં.૮માં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને વોર્ડ નં.૨માં રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયાએ ટિફિન બેઠક દરમ્યાન કાર્યકર્તાઓ સાથે વિવિધ સંગઠનાત્મક બાબતો વિશે ચર્ચા-વિચારણા-પરામર્શ, કરી આગામી વિધાનસભાની ચૂંટણી અંતર્ગત કાર્યક્રમો વિશે માર્ગદર્શન પુરૂ પાડેલ. તેમજ આજુબાજુના સ્થળો પર સ્વચ્છતા અભિયાન સહિતના કાર્યક્રમો યોજાયા હતા. આ તકે વોર્ડ નં.૨ અને ૮ માં ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુર, વોર્ડપ્રભારી મનુભાઈ વઘાશીયા, વોર્ડપ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, વોર્ડ મહામંત્રી દશરથભાઈ વાળા, ભાવેશ ટોયટા, કોર્પોરેટર મનીષ રાડીયા, જયમીન ઠાકર, દીપાબેન કાચા ઉપસ્થિત રહેલ તેમજ આ તકે નરેન્દ્રસિંહ ઠાકુરએ પ્રાશંગિક ઉદબોધન કરેલ તેમજ વોર્ડ નં.૮ માં અંજલીબેન રૂપાણી, ભાજપ મંત્રી રઘુભાઈ ધોળકીયા, વોર્ડપ્રભારી નિતિન ભુત, વોર્ડપ્રમુખ તેજશ જોષી, વોર્ડ મહામંત્રી કાથડભાઈ ડાંગર, જયસુખ મારવીયા,મયુર પાંભર, શક્તિ રાઠોડ, દેવકરણ જોગરાણા, જસ્મીન મકવાણા, જયેન્દ્રસિંહ સરવૈયા, પુર્વેશ ભટ્ટ, હસુભાઈ નાર, નરેન્દ્રસિંહ ઝાલા, પ્રતાપભાઈ વોરા, લીનાબેન શુકલ, હર્ષીદાબેન પટેલ, રક્ષાબેન જોષી, આ તકે નિતિન ભુતએ પ્રાશંગિક પ્રવચન કરેલ.(૧૩.૧૬)

# રાજકોટ ચેમ્બરમાં ૩ સભ્યો કો.ઓપ્ટ તરીકે નિમણૂંકઃ સ્નેહમિલન યોજાશે

### ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલને અપાયું આમંત્રણ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની એપ્રિલ માસની કારોબારી સમિતિની મિટીંગ પ્રમુખ વી.પી. વૈષ્ણવની અધ્યક્ષતામાં યોજાયેલ. જેમા એજન્ડા મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. આ મિટીંગમાં બંધારણીય જોગવાઈ મુજબ ત્રણ સભ્યો પંકજભાઈ ધમસાણીયા, કિશોરભાઈ વઘાસીયા, નરેશભાઈ શેઠ કો-ઓપ્ટ સભ્ય તરીકે સર્વાનુમતે નિમણુંક કરવામાં આવેલ.

રાજકોટ ચેમ્બર દ્વારા આ મિટીંગમાં અલગ અલગ ક્ષેત્રના વિવિધ ૨૨ જેટલા એસોસિએશનોને પણ ખાસ આમંત્રિત તરીકે નિમણૂંક કરવામાં આવેલ. જેમા જયેશભા ડેનીશભાઈ હદવાણી-હરીપર પાળ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, સુજીતભાઈ ઉદાણી-રાજકોટ બિલ્ડર્સ એસોસિએશન, જયદિપભાઈ નંદાણી-રાજકોટ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એસોસીએશન, પ્રણંદભાઈ કલ્યાણી-ધર્મેન્દ્ર રોડ વેપારી એસોસિએશન, દિપકભાઈ સચદે-કચ્છ સૌરાષ્ટ્ર પ્રોડકટીવીટી કાઉન્સીલ, મયુરભાઈ આડેસરા-જેમ્સ એન્ડ જવેલરી એસોસિએશન, અરવિંદભાઈ શાહ-ગુજરાત મીનીસીમેન્ટ મેન્યુ. એસોસિએશન, પ્રશાંતભાઈ સુચક-ખીરસરા જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન, જગદીશભાઈ અકબરી-રાજકોટ ડેરી મરચન્ટ એસોસિએશન, હેમંતભાઈ કાપડીયા-રાજકોટ કિચનવેર્સ મેન્યુ.એસોસિએશન, રાજુભાઈ માણેક-રાજકોટ ટેક્ષ કન્સલટન્ટ સોસાયટી, મેશભાઈ હિરપરા-રામનગર ઈન્ડસ્ટ્રીયલ એરીયા એસોસિએશન, મનોજભાઈ ઉનડકટ-રાજકોટ ટી મરચન્ટ એસોસિએશન, હસુભાઈ સોરઠીયા-વાવડી ઈન્ડસ્ટ્રીય ઝોન એસોસીએશન, નૈલેશભાઈ શાહ-અટીકા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન, પંકજભાઈ બાટવીયા-ગુંદાવાડી રોડ વેપારી એસોસિએશન, કનકસિંહ ગોહિલ-મશીન ટુલ્સ મેન્યુ. એસોસિએશન, પરેશભાઈ સાવલીયા-ટીવી એપ્લાયન્સીસ ટ્રેડર્સ એસોસિએશન, નિતીનભાઈ નથવાણી-પરાબજાર મરચન્ટ એસાસિએશન, ગીરીશભાઈ પરમાર-પ્રતિક્ષા એનર્જી સોલ્યુશન, સી.એ. ધવલભાઈ ખખ્ખર-ઈશ્વર લક્ષ્મીદાસ ખખ્ખર એન્ડ કાં. આમ બહોળી સંખ્યમાં એસોસિએશનના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી વેપાર-ઉદ્યોગના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ.

ત્યારબાદ પરંપરાગત રાજકોટ ચેમ્બર દ્વારા દર વર્ષે સભ્યો પરિવારનું સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવે છે. તે મુજબ આ વર્ષે પણ મે મહિનાના છેલ્લા અઠવાડીયામાં સ્નેહમિલન કાર્યક્રમ યોજવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવેલ. જે માટે ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલને આમંત્રણ આપવામાં આવ્યું છે.

# કાલે ગણેશ ચોથ



**શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)**

વૈશાખ સુદ ત્રીજને બુધવારે તા.૪ નાં રોજ ગણેશ ચોથ છે. બુધવારે સવારનાં ૭:૩૪ સુધી ત્રીજ તિથિ છે. ત્યારબાદ આખો દિવસ ચોથ તિથિ હોય આ વર્ષે ગણપતિ દાદાનાં પ્રિય વાર બુધવારે ગણેશ ચોથ મનાવાશે.

આપણા સૌરાષ્ટ્ર ગુજરાતમાં વૈશાખ મહિનાની ગણેશ ચોથનું મહત્વ સૌથી વધારે છે. એક માન્યતા પ્રમાણે ગણપતિ દાદાનાં વિવાહ આ દિવસે થયા હતા. આ દિવસે જે નવા ઘઉં લીધા હોય તેના સૌપ્રથમ લાડવા બનાવી અને ગણપતિ દાદાને ધરી અને તે લાડવા પ્રસાદ તરીકે ગ્રહણ કરી અને ત્યારબાદ ઘરમાં નવા ઘઉં વાપરવાની શરૂઆત કરાઈ છે.

આમ ગણેશ ચોથનાં દિવસે નવા લીધેલા ઘઉંનાં લાડવા બનાવી ગણપતિ દાદાને ધરવા.

ગણપતિ દાદા વિઘ્નહર્તા છે. આથી આ દિવસે એક બાજોઠ પર લાલ વસ્ત્ર પાથરી અને તેના ઉપર ઘઉંની ઢગલી કરી અને ત્યારબાદ ગણપતિ દાદા પધરાવા. દાદાને સિંદુર ચડાવી વસ્ત્ર, જનોઈ, લાલ ફૂલ, અબીલ-ગુલાલ, કંકુ અર્પણ કરવા. નૈવેધમાં લાડવા ધરવા. આરતી કરી પ્રાર્થના કરવી.

# ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર ભગવાનશ્રી પરશુરામજીનો આજે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩

ભારતીય સનાતન ધર્મ સંસ્કૃતિ, ભારતના ઋષિ મુનિઓથી રળિયાત છે. પોતે તપ તપી, સત્યની અનુભૂતિ કરી સમસ્ત માનવજાતના કલ્યાણ માટે જીવન વીતાવી, વેદ-ઉપનિષદ, શ્રીમદ ભાગવત ગીતા વગેરેની પુરાણોની શાસ્ત્રોની રચના કરી, વિચાર વિજ્ઞાન-વીરતા-વિનમ્રતા વિશાળતા-વિધા જેવી વિવિધતાથી સંસ્કારિત થયેલ જીવનશૈલી આપી માણસાઈ અને માનવતાના પાઠ શીખવી, વંદનીય ઋષિમુનિઓ અમર થઈ ગયા. વિશ્વમાં શ્રેષ્ઠ કહી શકાય એવો અમૂલ્ય વારસો તેઓએ આપણને આપ્યો. તેથી ઋષિ પંચમીએ તથા ઋષિમુનિઓની જન્મજયંતીએ હૃદયપૂર્વક યાદ કરી, આપણે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.


વૈશાખ સુદ ત્રીજ-અખા ત્રીજના દિને, ભૂદેવોના અધિષ્ઠાતા દેવ વિદ્વાનોએ જેમને ભગવાન વાસુદેવના અંશરૂપ ગણ્યા છે તેવા ભૃગુકુલભૂષણ, કાલાગ્નિ સમાં દુ:સહ, કૈલાસ સમ દુર્ધર્ષ, વેદજ્ઞ પરશુરામની જન્મોત્સવ છે.

**ભગવાન વિષ્ણુના છઠ્ઠા અંશાવતાર : પરશુરામ**

વૈશાખ સુદ ત્રીજની પાવન તિથિએ વિષ્ણુ આવ્યા. પભગવાનના છઠ્ઠા અંશાવતાર ગણાતા ભગવાન પરશુરામનો જન્મ થયો હતો. તેમના પ્રચંડ અને વિરાટ વ્યક્તિત્વનો પરિચય ભગવદ્ ગોમંડળમાંથી મળે છે તદ્અનુસાર વિશ્વામિત્રના જુહુ કુળના ઋષિ જમદગ્નિ અને ઇક્વાકુ વંશની રાજકન્યા રેણુકાના પુત્રોમાં સૌથી નાના પુત્ર રામ ( પરશુરામ ) હતા.

એક દિવસ રેણુકા સ્નાન કરવા નદીએ ગઈ હતી. ત્યાં તેણે રાજા ચિત્રરથને પોતાની સ્ત્રી સાથે જલક્રીડા કરતો જોયો અને કામવાસનાથી ઉદ્વિગ્ન થઈ ઘેર આવી. તેની આ દશા જોઈને જમદગ્નિ બહુ જ ગુસ્સે થયા અને પોતાના પુત્રોને રેણુકાનો વધ કરવા આજ્ઞા કરી, પરંતુ સ્નેહવશને લીધે કોઈનાથી તેમ થઈ શક્યું નહીં. એવામાં પરશુરામ આવ્યા. પરશુરામે આજ્ઞા મળતાં જ માતાનું મસ્તક કાપી નાખ્યું તેથી જમદગ્નિએ પ્રસન્ન થઈને વરદાન માગવાનું કહ્યું. પરશુરામે કહ્યું કે, પહેલાં તો મારી માતાને સજીવન કરો, પછી એ વરદાનો આપો કે, હું પરમાયુ પ્રાપ્ત કરું અને યુદ્ધમાં મારી સામે કોઈ ટકી શકે નહીં. જમદગ્નિએ તેમ જ કર્યું. બાળપણમાં રેણુકા માતાના હાથ નીચે તેણે શિક્ષણ લીધું હતું. ભીષ્મ અને દ્રોણાચાર્ય અને સૂર્યપુત્ર કર્ણએ પણ પરશુરામ પાસેથી ધનુર્વિદ્યાનું શિક્ષણ લીધું હતું. ભગવાન શિવે પરશુરામને પોતાનું ત્રયંબક નામનું ધનુષ આપીને કહ્યું હતું કે, જયારે એ ધનુષ ભાંગશે ત્યારે તારું તેજ જશે અને રામાવતાર થશે. આ શિવવાણી ત્રેતાયુગને અંતે સિદ્ધ થઇ હતી.

**પ્રાસંગિક**



**(વિરલ એસ.ભટ્ટ)**
**કોંગ્રેસ કાર્યાલય મંત્રી**
**રાજકોટ મહાનગરપાલિકા**

# ૧૧મીએ અરવિંદ કેજરીવાલ રાજકોટમાં, તડામાર તૈયારી

## રેસકોર્સ મેદાનમાં સાંજે સભા, 'આપ' દ્વારા તડામાર તૈયારીઓ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૩

'આપ'નાં રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આગામી તા.૧૧મીએ રાજકોટ આવી રહ્યા હોવાનું આમ આદમી પાર્ટીનાં રાજકોટ શહેરનાં પ્રમુખ શિવલાલભાઈ બારસીયાએ જણાવ્યું છે.

અરવિંદ કેજરીવાલ પ્રથમ વખત રાજકોટ આવી રહ્યા હોય, 'આપ'નાં કાર્યકરોમાં ભારે ઉત્સાહ છવાયો છે અને શકિત પ્રદર્શન કરવાની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

અરવિંદ કેજરીવાલ બે દિવસ રાજકોટ રોકાશે. આપ દ્વારા રોડ-શો અને જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરનાં શાસ્ત્રી મેદાન ખાતે સાંજે જાહેરસભા યોજવામાં આવશે. શહેરમાં રોડ-શો અને જાહેર સભાને લઈને 'આપ' દ્વારા તડામાર તૈયારીઓ આદરી દીધી છે. સૌરાષ્ટ્રનાં પાટનગર રાજકોટથી આગામી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરવાની પણ રણનીતિ નક્કી કરવામાં આવી છે. અરવિંદ કેજરીવાલ પ્રથમ વખત રાજકોટ આવી રહ્યા હોય. 'આપ' નાં કાર્યક્રમોમાં ભારે ઉત્સાહ છવાયો છે.

શિવલાલભાઈ બારસીયાએ જણાવ્યું હતું કે, અરવિંદ કેજરીવાલ રાજકોટ આવી રહ્યા છે. ત્યારે તેમનું ભવ્યાતિ ભવ્ય સ્વાગત કરવામાં આવશે.(૧.૧૨)



# રાજકોટનાં રૈયા રોડ અને યુનિવર્સિટી રોડ વિસ્તારમાં ૪ કોરોનાના કેસ નોંધાયા

## શહેરમાં હાલ ૬ દર્દીઓ સારવાર હેઠળ: આજે ૨ દર્દીઓએ કોરોનાને હરાવ્યો



રાજકોટ: શહેરનાં રૈયા રોડ પર ટોપલેન્ડ રેસિડેન્સીમાં રહેતા ૬૩ અને ૬૭ વર્ષીય વૃદ્ધ તેમજ ૧૯ વર્ષીય યુવાન તથા યુનિવર્સિટી રોડ પર નંદભૂમિ રેસિડેન્સીમાં ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે ,શહેરમાં હાલ ૬ દર્દીઓ સારવાર હેઠળ છે, આજે ૨ દર્દીઓએ કોરોનાને હરાવ્યો છે.શહેરમાં કોરોનાનો કેસ આવતા ફફડાટ વ્યાપી ગયો છે. છેલ્લી ચોવીસ કલાકમાં પોઝિટિવ કેસ વધ્યા છે. શહેરના ટોપલેન્ડ સોસાયટીમાં ચાર કેસ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે. વોર્ડ નં.૯ના આરોગ્ય અધિકારી ટીમ સાથે ટોપલેન્ડ સોસાયટીએ પહોંચ્યા છે.

### રાજકોટમાં વેક્સિનેશન ૫૦ લાખને પાર

હાલ રાજકોટ શહેર તેમજ જિલ્લાના મળીને વેક્સિનના કુલ ૫૩ લાખ ૮૦ હજાર ૯૪૭ ડોઝ અપાઈ ચૂક્યા છે. રાજકોટ શહેરમાં ૧૪,૧૩,૬૬૫ પ્રથમ, ૧૨,૩૪,૧૬૯ બીજો તેમજ ૭૦,૨૩૬ લોકોને પ્રિકોશન ડોઝ મળીને કુલ ૨૭,૧૮,૦૭૦ ડોઝ ૮૪ સાઈટ પરથી આપવામાં આવ્યા છે. જ્યારે જિલ્લામાં ૧૩,૩૯,૪૨૩ને પ્રથમ, ૧૨,૬૬,૨૩૫ ને બીજો તેમજ ૫૭,૨૧૦ લોકોને પ્રિકોશન ડોઝ સાથે કુલ ૨૬,૬૨,૮૭૭ ડોઝ ૧૨૦ સેન્ટર પરથી આપવામાં આવ્યા છે.

# રાજકોટમાં યુવતી મામલે બે નેપાળી જૂથ વચ્ચે સશસ્ત્ર મારામારીઃછ સામે ગુન્હો



### ત્રિકોણબાગ પાસે સરાજાહેર બનેલી સશસ્ત્ર મારામારીઃઘટના સીસીટીવીમાં કેદઃ યુવતી મામલે થયેલા ડખ્ખામાં સમાધાન અર્થે ભેગા થયેલા યુવાનો ફરી બાખડી પડતાં નોંધાઇ પોલીસ ફરિયાદ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ,તા.૩

ગત રાત્રે એ ડિવિઝન પોલીસ સ્ટેશનથી થોડા અંતરે આવેલા ત્રિકોણબાગ પાસે ચાની દુકાનની બહાર યુવતી મામલે સમાધાન માટે ભેગા થયા બાદ બે નેપાળી જૂથ વચ્ચે સરાજાહેર મારામારી થઈ હતી.આ મારામારીના બનાવમાં એક યુવાનને ઇજા થતાં સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો.બનાવ અંગે એ ડિવિઝન પોલીસે બંને પક્ષની ફરિયાદ પરથી કુલ ૬ શખ્સો વિરૂદ્ધ ગુન્હો નોંધવામાં આવ્યો છે.

આ મારામારીની સમગ્ર ઘટના સીસીટીવી માં થઈ કેદ થઈ ગઈ હતી.તેના આધારે પોલીસે આરોપીને ત્રણેક આરોપીને સકંજામાં લીધા છે. બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર,ત્રિકોણબાગ પાસે મારુતિનંદન કોમ્પ્લેક્સમાં રહેતા અને ચોકીદારી કરતા રોહીત મોતીસીગ વિશ્વકર્મા(નેપાળી)(ઉ.વ.૨૩)એ ફરિયાદમાં અરૂણ સોની અને અનિલ સોનીનું નામ આપતા તેઓની સામે કાર્યવાહી કરવામાં આવી છે.રોહિતે ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું રાત્રીના સાડા નવ વાગ્યાની આસપાસ હું ભીલવાસ ખાતે પેટ્રોલ પુરાવા ગયેલ હતો ત્યારે મારી ફ્રેન્ડ અરૂણા પરીયાર ઉભેલ હોય જેને હું જોઈ જતા મે અરૂણાને કહેલ કે મારી ગાડીમાં બેસી જા જેથી અરૂણાએ મારી સાથે આવવાનીના પાડેલ અને ત્યા પેટ્રોલપંપ ખાતેથી પેટ્રોલ પુરાવી અરૂણ સોની આવેલ અને કહેલ કે અરૂણા મારી સાથે આવેલ છે તે તારી સાથે નહીં આવે તેમ કહી મારી સાથે બોલાચાલી કરી ઝપાઝપી કરવા લાગ્યો હતો.

બાદમાં ત્યાથી જતો રહેલ અને થોડીવાર પછી મારા ફોનમાં અરૂણના મોટાભાઇ અનિલનો ફોન આવેલ અને મને ફોનમાં કહેલ કે, ત્રિકોણબાગ ખાતે તું સમાધાન માટે આવ જેથી હું તથા મારા ફઇનો દીકરો દિનેશ સંજયભાઇ ત્રમટા તથા જય ગીરીશભાઇ વિશ્વકર્મા તથા યોગેશ ચૌહાણ ચારેય

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટમાં નકલી આરસી બુક બનાવવાનું કૌભાંડ ઝડપાયુંઃ ત્રણ શખ્સોની ધરપકડ

## મોરબી રોડ પર ભંગારના ડેલામાં ક્રાઈમ બ્રાન્ચનો દરોડો : એકની શોધખોળ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ તા.૩

રાજકોટ શહેરમાંથી નકલી આરસી બુક બનાવવાનું કૌભાંડ ઝડપાયું છે. આરોપીઓ ફાયનાન્સ કંપની કે બેંક પાસેથી હરાજીમાં વાહનો ખરીદી આમાં જે વાહનોની આરસી બુક ન હોય તેની નકલી આરસી બુક બનાવી વાહનનું વેચાણ કરતા અથવા ભંગારમાં ભાંગી નાખવા માટે આપી દેતા હતા હાલ ક્રાઈમ બ્રાન્ચે ત્રણ આરોપીઓની ધરપકડ કરી અન્ય એક આરોપીની શોધખોળ હાથ ધરી છે. રામનાથપરામાં રહેતો રીક્ષા લે-વેચનો ધંધો કરતો અમીન આકબાણી અને દૂધસાગર રોડ પર રહેતા આરીફ દોઢીયાની ધરપકડ કરાઇ છે. આ અંગે મળતી વિગત મુજબ શહેર ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.વી. ધોળા, પીએસઆઈ એમ.જે. હુણ પોતાની ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના એએસઆઈ સી.એમ. ચાવડા અને વિજયભાઈ મેતાને બાતમી મળી હતી કે મોરબી રોડ, ગીરીરાજ પાર્ટી પ્લોટ પાસે આવેલા ઓટો રીક્ષા લે વેચ કરનાર અમીન ગફારભાઈ આબકાણી (ઉ.૪૮ રહે. રામનાથપરા શેરી નં.૫) અને આરીફ હબીબ દોઢીયા (ઉ.૪૦, રહે. દૂધસાગર રોડ, ગુજરાત હાઉસીંગ બોર્ડ, સાગર ચોક) બન્ને મળી બોગસ આરસી બુક બનાવે છે,અને તેના અવેજ પેટે મોટી રકમ મેળવે છે અને બન્ને ત્યાં સ્થળ પર જ હાજર છે. જેથી તુરંત મોરબી

### ફાયનાન્સ કંપની કે બેંક હરાજીમાંથી વાહનો મેળવતા, બોગસ ડોકયુમેન્ટના આધારે વાહનો વેચતા કે ભંગારના ડેલામાં ભાંગી નાખવા આપતા

રોડ પર આવેલા ડેલામાં રેડ કરતા ૯ નકલી અને ૨૨ ઓરીજીનલ કહેવાતી આરસી બુક મળી આવી હતી. આરોપીઓએ પૂછપરછમાં કહ્યું હતું કે માધાપર ચોકડી પાસે સુંદરમ સિટી એપાર્ટમેન્ટમાં રહેતો બાબાભાઈ ઉર્ફે પ્રદિપ મોહન ઝાલા તેને આ નકલી આરસી બુક બનાવી આપતો હતો અને એક આરસી બુકના રૂા.૪૦૦૦ લેતો હતો. આરોપીઓ ફાયનાન્સ કંપનીએકે બેંકે જપ્ત કરેલા વાહનોની હરાજીમાં ખરીદી કરતા હતા જે વાહનના ડોકયુમેન્ટ ન હોય તેના બોગસ ડોકયુમેન્ટ બનાવતા હતા. પોલીસને શંકા છે કે આરોપી આ બોગસ આરસી બુક મારફત વાહનો વેચતા હતા અથવા સ્ક્રેપ કરવા માટે આપી દેતા હતા. હાલ ડીસીબી પોલીસ મથકે આરોપીઓ સામે આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૭૧, ૪૭૨, ૧૧૪ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# વાજડીગઢમાં પારકો પ્લોટ પચાવી પાડનાર સામે લેન્ડગ્રેબિંગ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૩



પારકી જમીન પચાવી પાડનાર ભૂમાફિયાઓ સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધવાની ઝુંબેશ વચ્ચે કલેક્ટરના આદેશ બાદ વધુ એક ફરિયાદ યુનિવર્સિટી પોલીસમથકમાં નોંધાઇ છે. પોલીસે વાજડીગઢ ગામે રહેતા વાલજીભાઇ ઉર્ફે વાલાભાઇ લખમણભાઇ ગમારાની ફરિયાદ પરથી કલ્પેશ બાબુ ઉર્ફે ભાનુ ડાંગર નામના ભૂમાફિયા સામે ગુનો નોંધ્યો છે. વાલજીભાઇ ઉર્ફે વાલાભાઇએ વાજડીગઢ ગામે ૭૩.૪૦ ચો.મી.ની જમીન દસ્તાવેજથી ખરીદ કરી હતી. દરમિયાન ગામમાં ખરીદેલી જમીનમાં ભૂમાફિયા કલ્પેશ ડાંગરે કબજો જમાવી તેમાં બાંધકામ કરી દીધું હોવાની માહિતી મળી હતી. જેથી તપાસ કરતા કલ્પેશ ડાંગરે જમીન પર કબજો જમાવી લીધાનું જાણવા મળતા પોતાની જમીન પરત મેળવવા અને ભૂમાફિયા કલ્પેશ ડાંગર સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધવા કલેક્ટરને અરજી કરી હતી. કલેક્ટર તંત્રની તપાસમાં વાલજીભાઇ ઉર્ફે વાલાભાઇની જમીન કલ્પેશ ડાંગરે પચાવી પાડ્યાનું ખૂલતા ગત તા.૨૬-૪ના રોજ કલેક્ટરે પોલીસને ગુનો નોંધવા હુકમ કર્યો હતો.

# મનપાની તિજોરી ખાલીખમ છતાં સપ્તરંગી સાંજમાં લાખો ખર્ચાયા

### બે કલાકનો કાર્યક્રમ પાછળ ૪૦ લાખથી વધુનો ખર્ચ કરતી મનપા

### ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની મનપા પાસેથી ૧૪ લાખ ૫૦ હજાર ખંખેરી ગઈઃ કલાકારો તથા ટીમને હવાઈ મુસાફરી માટે ૩,૬૦,૦૨૨ ચૂકવાયા!

### કલાકારોનાં પુરસ્કાર ખર્ચ માટે અધધ... ૨૧,૨૪,૦૦૦ ચૂકવાયાઃ રહેવા, જમવા માટે ખાનગી હોટલોને ૯૪,૫૧૨ નું બિલ થયું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૩

ગુજરાત રાજ્યનાં સ્થાપના દિવસ નિમિતે રાજકોટ મનપા દ્વારા શહેરીજનો માટે સપ્તરંગી સાંજ મ્યુઝિકલ નાટ્યનું વિશાળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સપ્તરંગી સાંજને માણવા હજારોની સંખ્યામાં શહેરીજનો ઉમટી પડ્યા હતા. પણ કદાચ સૌ શહેરીજનોએ ખબર નહીં હોય કે, મનપાએ આ કાર્યક્રમ પાછળ કેટલા રૂપિયા ખર્ચ્યા હશે. અત્યારે મનપાની તિજોરીનું તળિયું દેખાઈ રહ્યું છે. આવક ઉભી કરવા અવનવી ઝુંબેશ હાથ ધરવામાં આવે છે અને રિકવરીની કામગીરી પણ ઝડપી બનાવી દેવામાં આવી છે. જેના લીધે કંઇક અંશે મનપાને આવક થઇ શકે. આવા કપરા સમયે મનપાને લાંબો ખર્ચને આવા કાર્યક્રમ કરવાની શું જરૂર પડી તે પણ લોકોમુખે ચર્ચાઈ રહ્યું છે.

અંગત સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ મનપાએ કાર્યક્રમ અંતર્ગત અંદાજે કુલ ૪૦,૨૮,૫૩૪ રૂપિયાનું બિલ મુક્યું છે. જેમાં વિસ્તારથી જોઈએ તો કલાકારો તથા ટીમ માટે રહેવાની તથા જમવાની વ્યવસ્થા માટે ધ ઈમ્પીરીયલ પેલેસને ૯૪,૫૧૨ તેમજ કલાકારોને પુરસ્કાર અથવા તો તેનો ચાર્જ ગણીએ તો તે ૨૧,૨૪,૦૦૦ કાર્યક્રમ અને ઈવેન્ટ મેનેજમેન્ટ ફી તથા એન્કર અને કોરસ ટીમ માટે લોકલ ટ્રાન્સપોટેશન અને એકોમોડેશનની વ્યવસ્થા પાછળ ૧૪,૫૦,૦૦૦ અને કલાકારો તથા ટીમ માટે હવાઈ મુસાફરીનાં ભાડાં પેટે ૩,૬૦,૦૨૨ ચુકવવામાં આવ્યા છે. આ તમામ રકમ હજુ સ્ટેન્ડિંગમાં મંજુર કરવાની બાકી છે. પરંતુ અધધ ૪૦ લાખથી વધુ રૂપિયાનો ખર્ચ મનપા દ્વારા કરવામાં આવ્યો છે.(૪.૧૨)

# રાજકોટના વોર્ડ નં.૯ના પૂર્વ કોર્પોરેટર રૂપાબેન શીલુનું દુઃખદ અવસાન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૩



રાજકોટ મહાનગરપાલિકા વોર્ડનં. ૯ ના પૂર્વ કોર્પોરેટર તથા ફાયર સમિતિના પૂર્વ ચેરમેન અને ભાજપના મહિલા અગ્રણી, માધવ શરાફી સહકારી મંડળીના ડીરેકટર રૂપાબેન નવલકુમાર શીલુ (ઉવ.૬૪)નું આજરોજ અમદાવાદ ખાતે ટુંકી બિમારી બાદ દુઃખદ અવસાન થયેલ છે, તેઓનું અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં એક મહિના પહેલા હૃદયની બાયપાસ સર્જરી કરવામાં આવી હતી, ત્યારબાદ કીડની અને ફેફસામાં ઇન્ફેકશન લાગી ગયું હતું. તેઓને બે પુત્ર આશુતોષ (રાજકોટ),દ્વિજેન (લંડન), દિકરી પૂર્વા (મુંબઈ) ને વિલાપ કરતા છોડી ગયેલ છે.

રૂપાબેનના નશ્વર દેહને સાંજ સુધીમાં રાજકોટ તેમના નિવાસસ્થાને લાવવામાં આવશે.


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો

ફક્ત રૂા.૬૦માં +5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)

122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ

Mo: 9033344426


# રાજકોટ જીલ્લાના ૧૦૪ સ્થળો આસપાસ ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ

### વીરપુર, ખોડલધામ સહિતના મંદિરો, બસ, રેલ્વે સ્ટેશન, ભાદર, આજી, ન્યારી સહિતના મોટા ડેમો,મોટાપુલ,બઝારો સહિતના સ્થળો આવરી લેવાયા : કલેકટરનું કેન્દ્રિય ગૃહવિભાગની સૂચના બાદ જાહેરનામુંઃ આજથી જ અમલવારી





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા. ૩

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં આવેલ વાઇટલ ઇનસ્ટોલેશન, વી.વી.આઇ.પી. રહેણાંક તેમજ અગત્યની સરકારી કચેરીઓ તેમજ અગત્યની સરકારી કચેરીઓ તેમજ અન્ય પ્રતિબંધીત એરીયા વિગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી રાજકોટ ગ્રામ્ય પોલીસની છે. ભારત સરકારના ગૃહ મંત્રાલયના પત્રમાં જણાવ્યા મુજબ વાઇટલ એરીયા, સેન્સેટીવ એરીયાને નસ્ત્રનો ડ્રોન ઝોનથથ જાહેર કરવા માટે સુચનાઓ કરવામાં આવેલ છે તેમજ આ બાબતે ભારત સરકાર તરફથી તા. ૧૦-૫-૨૦૧૯ ના રોજ એસ.ઓ.પી. બહાર પાડવામાં આવેલ છે. જે ધ્યાને લઇ 'યુ એવી' કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલીત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરીયલ મિસાઇલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ માઇક્રોલાઇટ, એરક્રાફ્ટ કે પેરાગ્લાઇડર જેવા સંસાધનોથી દેશ-વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઇને રાજકોટ ગ્રામ્ય વિસ્તારની સુરક્ષાને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય તેમ ન હોય તેમજ થોડા સમય પહેલા જમ્મુ-કાશ્મીરમાં ડ્રોન હુમલાના બનાવ બનેલ હોય આ પ્રકારના સંસાધનોથી રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં આતંક ફેલાવી સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનહાલને નુકશા કરે તેવી શકયતા રહેલી છે. આથી જીલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુએ રાજકોટ ગ્રામ્ય જીલ્લામાં જાહેર સલામતિ અને સુરક્ષાને લક્ષમાં રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ હેતુસર નીચે જણાવેલ રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં આવેલ અમુક સરકારી કચેરીઓ/સબસ્ટેશનો, મંદીર-બજાર ડેમ/ડેમ સાઇટ, પુલ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર 'યુએવી' કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલીત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરીયલ મિસાઇલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ માઇક્રોલાઇટ, એરક્રાફ્ટ કે પેરાગ્લાઇડર જેવા સંસાધનોના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ જાહેરનામામાં સરકારી વિભાગો, પોલીસ વિભાગ અને સુરક્ષાબળોના ઉપરોકત સંસાધનોને મુકિત આપવામાં આવે છે. જુદા જુદા કારણોસર ડ્રોનથી શુટીંગ કરવાની પરવાનગી પોલીસ અધિક્ષક કે તેઓ દ્વારા અધિકૃત પોલીસ સબ ઇન્સ્પેકટરથી નીચેની રેન્કના ન હોય તેવા પોલીસ અધિકારી આપી શકશે.

આ જાહેરનામાનો કોઇ પણ ખંડનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારા વ્યકિત ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે રાજકોટ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકથી એ.એસ.આઇ. સુધીનો હોદ્દો ધરાવનાર પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે. આ જાહેરનામું આજથી તા. ૩૦ જુન સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાંથી રાજકોટ શહેર-જિલ્લાના કુલ ૧૦૪ સ્થળો ઉપર ડે આસપાસ ડ્રો ઉડાવવા પર પ્રતિબંધ મુકાયો છે, આ સ્થળોમાં તમામ વીન સબસ્ટેશનો -ભાદર સહિતના માંગ ડેમો મોટા પુલ, ખોડલધામ, વીરપુર જલારામ મંદિર, કામનાથ મહાદેવ મંદિર, વેણુ-ફુલઝર-ન્યારી-૨ ડેમ, આજી-૩ ડેમ, આઇઓસી પાઇપલાઇન, રામાપીર મંદિર, યુ-ફ્રેશ ડેરી, ભાદર ડેમ, સબ જેલ, જેતલસર રેલવે સ્ટેશન, ગોંડલ બસ સ્ટેશન, પાટણવાવ માત્રી મંદિર વિગેરે કુલ ૧૦૪ સ્થળો આસપાસ પ્રતિબંધ ફરમાવાયો છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.